Tuesday
30.07.2024
*Volume :9 * Issue No.12
*Email.:kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

*Managing Editor: Arjun Sondarva

* Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 * Page :04 * Rs. 00.25/- * Annual Rs. 90/-

ગુજરાત સતત વર્લ્ડ ટુરિઝમ મેપ' પર ચમકતું અને ધબકતું રહે એ માટે રાજ્ય સરકાર સંપૂર્ણ પ્રતિબદ્ધ છે - પ્રવાસન મંત્રીશ્રી

રૂપિયા ૨ હજાર ૯૮ કરોડ રૂપિયાની માતબર બજેટ જોગવાઈ સાથે પ્રવાસન વિકાસ માટેની રાજ્ય સરકારની પ્રતિબધ્ધતા વ્યકત કરતા મંત્રીશ્રી

ગિરિમથક ખાતે 'સાપુતારા મેઘ મલ્હાર પર્વ ૨૦૨૪'નો રંગારંગ પ્રારંભ

કમલમ્ ન્યુઝ, આહવા

ગુજરાતના એકમાત્ર હિલ સ્ટેશન એવા સાપુતારા ખાતે પ્રવાસન વિકાસની સાથે સાથે સ્થાનિક રોજગારીના વ્યાપને વધારવા, અને તેને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી 'સાપુતારા મેઘ મલ્હાર પર્વ ૨૦૨૪'નો આજે પ્રારંભ કરવામાંઆવી રહ્યોછે. તેમ જણાવતા રાજ્યના પ્રવાસન મંત્રી શ્રી મુળુભાઈ બેરાએ, પ્રવાસન વિકાસ માટેની રાજ્ય સરકારની પ્રતિબધ્ધતા વ્યકત કરી હતી. શ્રી મુળુભાઈબેરાએ, પ્રધાનમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર, ગુજરાતમાં પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે જરૂરી તમામ ઈન્ફ્રાસ્ટ્રકચર અને પ્રવાસીય સુવિધાઓના વિકાસ માટે વિશેષ ધ્યાન આપી રહી છે તેમ જણાવી, રોડઅને રેલ્વેની શ્રેષ્ઠ કનેક્ટિવિટી અને માળખાકીય સુવિધાઓ, શાંતિ અને સુરક્ષાને કારણે ગુજરાત, પ્રવાસીઓની પસંદગીનું સ્થળ બન્યું છે તેમ કહ્યું હતું. ગિરિમથક સાપુતારા ખાતે 'મેઘ મલ્હાર પર્વ' નોપ્રારંભ કરાવતા મંત્રીશ્રીએ સગર્વ જણાવ્યું હતું કે, ગત ઉનાળુ વેકેશનમાં ગુજરાતે પ્રવાસન ક્ષેત્રે એક નવો રેકોર્ડ બનાવ્યો છે. માત્ર બે મહિના દરમિયાન એક કરોડ પાંત્રીસ લાખથી વધુ પ્રવાસીઓએ ગુજરાતની મુલાકાત લીધી છે. જે ગત વર્ષની તુલનામાં ૧૭ ટકાથી વધુ છે. પ્રવાસન પ્રવૃત્તિને વેગ આપવા રાજ્ય સરકાર 'કૈલાશ માનસરોવર યાત્રા', 'સિંધુ દર્શન યાત્રા' સહિત 'શ્રવણ તીર્થ યાત્રા' જેવી યોજનાઓમા પણ આર્થિક સહાય આપીરહીછે તેમ જણાવી, 'સાપુતારા-શબરી ધામથી સ્ટેચ્યુ ઓફ યુનિટી' સુધીની પ્રવાસન સર્કિટ વિકસાવવા બાબતે પણ કાર્યારંભ કરવામાં આવ્યોછે, તેમ જણાવ્યું હતું. સાપુતારા એ ગુજરાતનું એક માત્ર હીલ સ્ટેશન છે. ગુજરાત અને મહારાષ્ટ્રની સરહદે પર આવેલા આ હીલ સ્ટેશન પર આવતા પ્રવાસીઓને ફરવાનાં આનંદની સાથેસાથે, એક ગ્રામ્ય સંસ્કૃતિની ઝલક પણ અહીં જોવા મળે છે. ભગવાન શ્રી રામ તેમના વનવાસ દરમિયાન થોડોક સમય અહીં રોકાયા હતા. એ જ સમયે શબરી માતા સાથે એમનો ભેટો થયો હતો, અને શબરી માતાએ ભગવાન શ્રીરામને મીઠાં બોર ખવડાવ્યા હતા. તેમ જણાવતા મંત્રીશ્રીએ, છેલ્લા બે દાયકામાં રાજ્ય સરકારે સાપુતારાની સકલ અને સુરત બદલી નાખી છે. તેથી જ આજે સાપુતારામાં મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવી રહ્યા છે. તેમ કહ્યું હતું. વૈશ્વિક નેતા અને લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રવાસન વિકાસના વિઝનને સાકાર કરવામાટે અમારી સરકાર પ્રયાસ કરી રહી છે, તેમ પણ તેમણે ઉમેર્યુ હતું. દેશના વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનને કારણે આજે ગુજરાત પ્રવાસન ક્ષેત્રે અગ્રેસર છે તેમ જણાવતા પ્રવાસનમંત્રીશ્રીએ રણ, સમુદ્ર અને ડુંગર આ ત્રણેય કુદરતે આપેલી અમૂલ્ય દેન છે. કુદરતે ગુજરાતને અખૂટ પ્રાકૃતિક સૌંદર્યથી નવાજ્યું છે. રાજ્ય સરકારે પ્રવાસનને નવી ગતિ આપવાના પ્રયાસો કર્યા, અને રાજ્યભરમાં પ્રવાસીઓની સગવડ ઉભી કરવાનું મોટું કામ કર્યુ છે તેમ ઉમેર્યું હતું. રાજ્ય સરકાર પ્રવાસન અને યાત્રાધામના વિકાસમાટે પ્રતિબધ્ધ છે તેમ જણાવતા શ્રી પટેલે, આ વર્ષના બજેટમાં પ્રવાસન અને યાત્રાધામના વિકાસ માટે રૂપિયા ૨ હજાર ૯૮ કરોડ રૂપિયાની માતબર જોગવાઈ કરવામાં આવી છે તેમ કહ્યું હતું. તેમણે ઉત્તર ગુજરાતના અંબાજી-ધરોઈ-તારંગા-વડનગર વિસ્તારનો વર્લ્ડ કલાસ સસ્ટેનેબલ ટુરિસ્ટ પિલ્ગ્રિમેજ ડેસ્ટીનેશન તરીકે વિકાસ કરવામાં આવી રહ્યો છે તેમ પણ કહ્યું હતું. રાજ્ય સરકારના આવા પગલાઓથી પ્રવાસન ક્ષેત્રે મોટા પ્રમાણમાં રોજગારીના સર્જનની સાથો સાથ સાંસ્કૃતિક ધરોહરનું સંરક્ષણ અને વિકાસ પણ થઈ રહ્યો છે. અયોધ્યા ધામ ખાતે ગુજરાતી પ્રવાસીઓની સગવડો અર્થે 'ગુજરાત યાત્રી ભવન'નું નિર્માણ હાથ ધરવામાં આવ્યું છે. સરકારે ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્રના વિકાસ માટે અનેકવિધ પગલાંઓ લીધાં છે. અમે, આ ક્ષેત્રના સુવ્યવસ્થિત અને આયોજનબદ્ધ વિકાસ માટે 'નવી પ્રવાસન નીતિ' પણ જાહેર કરી છે, તેમતેમણે જણાવ્યું હતું. ગુજરાતને 'ગ્લોબલ ચોઈસ ફોર ટુરિઝમ' તરીકે વૈશ્વિક પ્રવાસન નકશામાં સ્થાપિત કરવાની મહત્વાકાંક્ષા સાથે, સરકારે આ નીતિ જાહેર કરી છે. આ નીતિ હેઠળ રાજ્યમાં પ્રવાસનના વિકાસની સાથે સાથે પર્યાવરણ સમૃદ્ધિનો વિશેષ દ્રષ્ટિકોણ પણ અપનાવવામાં આવ્યો છે. આ ઉપરાંત, ગુજરાતને વૈશ્વિક પ્રવાસન નકશા પર વધુ દમદાર રીતે ચમકાવવા માટે રાજ્યની પ્રાચીન ધરોહરો, ઐતિહાસિક વારસાગત ઈમારતો, અને સ્થળોને 'હેરિટેજ ટુરિઝમ ડેસ્ટિનેશન' તરીકે પ્રમોટ કરનારી મહત્વપૂર્ણ 'હેરિટેજ ટુરિઝમ પોલિસી' પણ જાહેર કરી છે તેમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું. આ ઉપરાંત, ગુજરાતની સર્વપ્રથમ 'સિનેમેટિક ટુરિઝમ પોલિસી' થી ગુજરાતમાં ફિલ્મ નિર્માણ માટે વિશેષજ્ઞોનું સર્જન કરવામાં આવી રહ્યુ છે. જેને કારણે સ્થાનિક લોકો માટે રોજગારીની તકો પણ ઊભી થઈ છે. તેમ જણાવતાશ્રી મુળુભાઈ બેરાએ, ગુજરાતમાં વન્યજીવોના અભયારણ્યો, હિલ રિસોર્ટ્સ, પ્રાકૃતિક આકર્ષણો અને યુનેસ્કો માન્યતા પ્રાપ્ત હેરિટેજ સાઈટ્સ આવેલી છે તેમ કહ્યું હતું. કેવડિયા સ્થિત વિશ્વની સૌથી ઊંચી સરદાર પટેલ સાહેબની પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી', સમગ્ર વિશ્વમાં એશિયાઈ સિંહોનું એકમાત્ર રહેઠાણ એટલે કે ગિરના જંગલો, યુનેસ્કોદ્વારા જાહેર કરાયેલ ભારતનું 'પ્રથમ વર્લ્ડ હેરિટેજ સિટી અમદાવાદ' તથા વર્લ્ડ હેરિટેજ સાઈટ્સના લિસ્ટમાં સામેલ 'રાણીની વાવ' અને 'ધોળાવીરા' જેવા ઐતિહાસિક સ્થળોનો ભવ્ય વારસો, માત્ર ગુજરાતમાં જ જોવા મળેછે તેમ જણાવ્યું હતું. 'બ્લૂ ફ્લેગ બીચ'નો દરજ્જો પ્રાપ્ત કરનાર 'શિવરાજપુર બીચ', ભારત-પાકિસ્તાન સરહદ પર બનાસકાંઠા જિલ્લાના 'નડાબેટ'માં રોમાંચિત કરીમૂકે તેવો 'સીમાદર્શન કાર્યક્રમ', બાલાસિનોરમાં દેશનો પહેલો 'ડાયનોસોર પાર્ક' તથા સોમનાથ, દ્વારકા, પાવાગઢ અને અંબાજી જેવા પ્રખ્યાત પ્રવાસન આકર્ષણો, ગુજરાતની શાન છે. સદીઓ જૂનાં શિલ્પો, હસ્તકળાના નમૂનાઓ, કલાકૃતિઓ અને વિવિધ મેળાઓ, તહેવારો રાજ્યને સાંસ્કૃતિક દ્રષ્ટિએ સમૃદ્ધ બનાવે છે. ત્યારે ગુજરાત સરકાર, પ્રવાસન સુવિધાઓ અને પ્રવાસનના વિકાસ માટે અનેક પ્રોજેક્ટ્સ પર કામ કરી રહી છે તેમ પણ પ્રવાસન મંત્રીશ્રીએ જણાવ્યું હતું. ગિરનાર પર્વત પર શ્રદ્ધાળુઓની સુવિધાઓ માટે રોપ-વેનું નિર્માણ, મહોબત ખાન મકબરા અને ઉપરકોટના કિલ્લા પર સ્થિત ઐતિહાસિક દ્રષ્ટિએ મહત્વપૂર્ણ ઈમારતોના જીર્ણોદ્ધારનું કામ, એશિયાઈ સિંહોના એકમાત્ર નિવાસ સ્થાન સાસણગીરમાં વિવિધ પ્રવાસન સુવિધાઓ તથા દેવલિયા પાર્કના વિકાસ માટે વિવિધ પ્રોજેક્ટ્સ, દેશ અને દુનિયાના પ્રવાસીઓને આકર્ષિત કરવા માટે 'ગાંધી સર્કિટ' અને 'બૌદ્ધ સર્કિટ' નાં વિકાસ સાથે ગુજરાત સરકાર, રાજ્યમાં પ્રવાસન ક્ષેત્રના વિકાસ માટે નવા વિઝન સાથે રિલિજિયસ ટુરિઝમ, મેડિકલ ટુરિઝમ, એગ્રીકલ્ચરલ ટુરિઝમ, બોર્ડર ટુરિઝમ, વાઈલ્ડ લાઈફ ટુરિઝમ અને બીચ ટુરિઝમનો પણ વિકાસ કરી રહી છે તેમ કહ્યું હતું. ગુજરાતના પ્રવાસે આવનારા તમામ યાત્રીઓને સુરક્ષિત, આરામદાયક અને અદ્ભુત પ્રવાસનનો અવિસ્મરણીય અનુભવ પ્રદાન કરવાનો, તેમજ આવા પ્રવાસી કેન્દ્રિત દ્રષ્ટિકોણ દ્વારા ગુજરાતને એક સુરક્ષિત પર્યટન સ્થળ બનાવવાનો છે. તેમ કહેતા મંત્રીશ્રીએ, ગુજરાત સતત 'વર્લ્ડ ટુરિઝમ મેપ' પર ચમકતું અને ધબકતું રહે એ માટે રાજ્ય સરકાર સંપૂર્ણ પ્રતિબદ્ધ છે, તેમ કહ્યું હતું. પ્રકૃતિ, સંસ્કૃતિ, અને રીમઝીમ વરસતા વરસાદના ત્રિવેણી સંગમ સમા આ કાર્યક્રમમાં પધારેલા પર્યટકોને દંડકારણ્યની પાવન ભૂમિ પર આવેલા અન્ય તીર્થ સ્થળોની મુલાકાતની સાથે સાથે, ગ્રામ વિકાસ વિભાગ દ્વારા આયોજિત 'સરસ' મેળાની મુલાકાત લઈ, મહિલા સશક્તિકરણનાં કાર્યને પ્રોત્સાહિત કરવાની જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિએ અપીલ કરી હતી. પોતાના પ્રાસંગિક વક્તવ્યમાં રાજ્ય આદિજાતિ, ગ્રામ વિકાસ, શ્રમ રોજગાર મંત્રી શ્રી હળપતિએ, ડાંગ જિલ્લાના સર્વાંગીણ વિકાસ અને પ્રશ્નોના નિરાકરણ માટેની સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. ભારતની પુણ્ય ભૂમિનો જયકારો લગાવતા ગુજરાત વિધાનસભાના નાયબ દંડક શ્રી વિજયભાઈ પટેલે, દંડકારણ્ય ભૂમિ પર આયોજિત 'મેઘ મલ્હાર પર્વ' ની, ગુજરાતના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની શુભકામનાઓ પણ આ કાર્યક્રમને પ્રાપ્ત થઈ છે, તેમ જણાવ્યું હતું. શ્રી પટેલે વરસાદી વાતાવરણની મર્યાદાઓને કારણે, મુખ્યમંત્રીશ્રી સાપુતારા પધારી શક્યા નથી તેમ જણાવી, ડાંગના વિકાસ માટે સતત ચિંતિત રાજ્યસરકારની વિભાવના સ્પષ્ટ કરી હતી. ગિરિમથક સાપુતારા ખાતે ગાઢ ધુમ્મસની પથરાયેલી ચાદર વચ્ચે રીમઝીમ રીમઝીમ વરસતા વરસાદમાં, પ્રવાસન મંત્રીશ્રી સહિતના મહાનુભાવોએ દીપપ્રાગટ્ય કરીને 'મેઘ મલ્હાર પર્વ ૨૦૨૪' નો પ્રારંભ કરાવ્યો હતો. ટુરિઝમ કોર્પોરેશનનાં ઉચ્ચ અધિકારીઓ સહિત જિલ્લાના વરિષ્ઠ અધિકારીઓએ મંત્રીશ્રી સહિતના મહાનુભાવોનું પુષ્પ, અને સ્મૃતિ ભેટ આપી સ્વાગત કર્યુ હતું. ઉલ્લેખનિય છે કે, ગિરિમથક સાપુતારા ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ, રાજ્યના પ્રવાસન નિગમ દ્વારા તા. ૨૯ જુલાઈ થી ૨૮ ઓગસ્ટ, એમ એક માસ માટે 'મોન્સૂન ફેસ્ટિવલ'નું ભવ્ય આયોજન કર્યુ છે. સને ૨૦૦૯ થી શરૂ કરાયેલા 'મોન્સુન ફેસ્ટિવલ' નો પ્રારંભ કરાવતા મંત્રીશ્રી સહિતના મહાનુભાવોએ ઉપર મુજબ તેમના વિચારો રજૂ કર્યા હતા. તેઅગાઉ પ્રવાસન નિગમની હોટેલ તોરણ ખાતેથી, રંગબેરંગી પરેડ અને ભવ્ય શોભયાત્રાથી આ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. જેમાં ડાંગના સ્થાનિક સંગીતના વાજિંત્રો, કલાકારો, મનોરંજક પાત્રો, અલગ અલગ વેશભૂષામાં સજ્જ કલાકારો, ડાંગી આદિવાસી નૃત્ય, તેમજ વિવિધ પ્રવૃત્તિઓ રજૂ કરવામાં આવી હતી. જ્યારે 'મેઘ મેલ્હાર પર્વ' ઉદ્ઘાટન કાર્યક્રમ બાદ સ્ટેપ ગાર્ડન સર્કલ પાસેથી 'રેઈન રન મેરેથોન'ને પણ મંત્રીશ્રી સહિતના મહાનુભાવોએ ફ્લેગ ઓફ કરાવ્યું હતું. સાપુતારા આવતા પ્રવાસીઓ, ડાંગની સ્થાનિક સંસ્કૃતિ સાથે પરિચય કેળવે, અને સ્થાનિક કલાકારોને પણ રોજગારી મળી રહે તે હેતુથી, કાર્યક્રમના મુખ્ય ડોમ ખાતે શુક્ર-શનિ-રવિ એમ જાહેર રજાના દિવસે, તેમજ સાપુતારાના મુખ્ય સર્કલ અને ગવર્નર હિલ ખાતે સાંજના સમયે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવ્યું છે. તો આગામી જન્માષ્ટમીના દિવસે ખાસ 'દહીં હાંડી' કાર્યક્રમનું પણ અહીં, ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. મોન્સૂન ફેસ્ટિવલ દરમિયાન પ્રવાસીઓને ડાંગ જિલ્લાના આજુ બાજુમાં આવેલા ૧૮ જેટલા મુખ્ય જોવાલાયક સ્થળો પણ જોવા, જાણવા, અને માણવા મળશે. જેમાં ઈકો ટુરીઝમ કેમ્પ સાઈટ મહાલ-કીલાદ અને દેવિનામાળ, ગીરા અને ગીરમાળ ધોધ, પૂર્ણા વન્યજીવ અભયારણ્ય અને વાંસદા નેશનલ પાર્ક, શબરીધામ અને પંપા સરોવર, પાંડવ ગુફા અને અંજની કુંડ, ડોન હિલ, માયાદેવી જેવા નૈસર્ગિક પર્યટન સ્થળોની મુલાકાતનો પણ અવસર મળી રહેશે. ગિરિમથક સાપુતારામાં સ્થાનિક પ્રવાસન પોઈન્ટ એવા ઈકો પોઈન્ટ, વન કવચ, રોઝ ગાર્ડન અને સ્ટેપ ગાર્ડન, આર્ટિસ્ટ વિલેજ, સનરાઈઝ અને સનસેટ પોઈન્ટ, ગવર્નર હિલ, શ્રી ગણેશ મંદિર, નાગેશ્વર મહાદેવ મંદિર અને સાઈ મંદિર, જૈન ટેમ્પલ અને સ્વામિનારાયણ મંદિર, સાપુતારાનું હાર્દ કહી શકાય તેવું તળાવ, આદિજાતિસંસ્કૃતિની ઝાંખી કરાવતું સંગ્રહાલય અને માહિતી ખાતાનું પ્રદર્શન કેન્દ્ર પણ જોવા મળશે. માસ દરમિયાન અહીં પર્યટકો માટે પેપર ક્રાફ્ટ વર્કશોપ અને તીરંદાજી પ્રેક્ટિસ સેશન, વારલી આર્ટસ, હેન્ડીક્રાફ્ટ અને ફોટોગ્રાફી એક્ઝિબિશન પણ આયોજિત કરાશે. સાપુતારાનું આહલાદક વાતાવરણ અને અહીંનું કુદરતી સૌંદર્ય, હરહંમેશથી પ્રવાસીઓની પ્રથમ પસંદગી રહ્યું છે. રાજ્ય સરકારના પ્રવાસન નિગમ દ્વારા આયોજિત 'મોન્સૂન ફેસ્ટિવલ' સહિતના અનેકવિધ ઉત્સવોની ફળશ્રુતિરૂપે, અહીં આવતા પ્રવાસીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો નોંધાઈ રહ્યો છે. વર્ષ ૨૦૨૨માં સમગ્ર વર્ષ દરમિયાન અહીં અંદાજે ૮.૧૬ લાખ, જ્યારે વર્ષ ૨૦૨૩માં સાપુતારા ફેસ્ટિવલમાં ૨.૪૪ લાખથી વધુ, અને સમગ્ર વર્ષ દરમિયાન કુલ ૧૧.૧૩ લાખ પ્રવાસીઓએ સાપુતારાની મુલાકાત લીધી હતી. આમ, સાપુતારાના વિવિધ ફેસ્ટિવલોમાં, પ્રવાસીઓના આવાગમનના પરિણામે, ડાંગ અને તેના આસપાસના વિસ્તારોમાં સ્થાનિક રોજગારીની સાથે સાથે આવકના સ્ત્રોત પણ વધ્યા છે. જેથી તેમના જીવન સ્તરમાં પણ નોંધપાત્ર સુધારો થવા પામ્યો છે. ગુજરાતના 'ચેરાપુંજી' તરીકે ઓળખાતા સાપુતારામાં દર વર્ષે ચોમાસામાં સરેરાશ ૧૦૦ ઈંચ જેટલો વરસાદ પડે છે. જેથી આ પ્રદેશમાં કુદરતી વનરાજી સોળે કલાએ ખીલી ઉઠે છે. જે રાજ્ય અને રાજ્ય બહારના પ્રવાસીઓને વિશેષ રીતે આકર્ષિત કરે છે. ગુજરાતનું આ એકમાત્ર હિલ સ્ટેશન સાપુતારા, દરિયાની સપાટીથી લગભગ ૧૧૦૦ મીટરની ઉંચાઈએ આવેલું છે. ગુજરાત ટુરીઝમ દ્વારા સાપુતારાના બગીચા, બોટ ક્લબ, મોલ રોડ, ઓડિટોરિયમ, રોપ વે અને મ્યુઝિયમ જેવી સુવિધા આપતા આયોજિત હિલ સ્ટેશન તરીકે વિકસાવવામાં આવ્યું છે. આ સાથે જ, પ્રકૃતિના ચાહક એવા પર્યટકોની અહીંની મુલાકાત તેમના માટે એક યાદગાર સંભારણુ બની રહે તે માટે, રાજ્ય સરકારના પ્રવાસન મંત્રાલયે, ડાંગમાં આવેલા ગુજરાતના પ્રખ્યાત ગીરા અને ગીરમાળ ધોધ ઉપર પાયાકિય સુવિધાઓ ઉપલબ્ધ કરાવીને, પ્રકૃતિપ્રેમી પર્યટકોને પ્રકૃતિનો અણમોલ નજારો માણવાની સુગમતા કરી આપી છે. મોન્સુન ફેસ્ટિવલ ના ઉદઘાટન કાર્યક્રમમાં પ્રવાસન સચિવ શ્રી રાજેન્દ્ર કુમારે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. જ્યારે કાર્યક્રમના અંતે મેનેજિંગ ડિરેક્ટર સુશ્રી એસ. છાકછુઆકે આભાર દર્શન કર્યું હતું. સાપુતારાના મોન્સુન ફેસ્ટિવલ ના ઉદ્ઘાટન કાર્યક્રમમાં ડાંગ કલેકટર શ્રી બી.બી.ચૌધરી, જિલ્લા વિકાસ અધિકારી શ્રી રાજ સુથાર, પોલીસ અધિક્ષક શ્રી યશપાલ જગાણીયા સહિત, દેશ વિદેશના પ્રવાસીઓ, જિલ્લા અધિકારીઓ, પ્રવાસન નિગમના અધિકારીઓને, સાપુતારા અને ડાંગના નગરજનો, મીડિયા કર્મીઓ વિગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાની નારાયણી પબ્લિક સ્કૂલ ખાતે નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ અંતર્ગત રાજ્ય કક્ષાનો "ઉલ્લાસ મેળો – ૨૦૨૪" નો પ્રારંભ કરવતા મંત્રીશ્રી ડો. કુબેરભાઈ ડીંડોર

ગુજરાત સરકારના કેબિનેટ મંત્રીશ્રી ડો. કુબેરભાઈ ડીંડોર ના અધ્યક્ષસ્થાને દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાની નારાયણી પબ્લિક સ્કૂલ ખાતે નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ અંતર્ગત રાજ્ય કક્ષાનો "ઉલ્લાસ મેળો – ૨૦૨૪" નો પ્રારંભ દાહોદની સંસ્કૃતિની ઓળખ એવા આદિવાસી નૃત્યની સાથે ખુલ્લો મુકવામાં આવ્યો. આ તકે શાળા પ્રાંગણમાં નવ ભારત સાક્ષરતા હેઠળ તૈયાર કરાયેલા વિવિધ સ્ટોલની મુલાકાત લીધી. બિનસાક્ષરોને સાક્ષર કરી સમાજને યોગદાન આપીને શિક્ષણનું મહાદાન આપવાનો સરકારનો પ્રયાસનું બીજું નામ એટલે 'ઉલ્લાસ મેળો'. કન્યા કેળવણી, શાળા પ્રવેશોત્સવ અને બાલવાટિકા જેવા કાર્યક્રમો થકી સરકાર આપણા બાળકો નાનપણથી જ શિક્ષિત બનીને પોતાનો પાયો મજબુત બનાવે એના પર વિશેષ ભાર મૂકી રહી છે, શિક્ષણ એ માનવીની મૂળભૂત જરૂરિયાત છે. સમાજને ઉપર લાવવા અંકજ્ઞાન, નાણાકીય સાક્ષરતા, વ્યવસાયિક કૌશલ્યોના વિકાસ માટે પ્રથમ તો સમાજનું શિક્ષિત હોવું ખુબ જ જરૂરી છે. એક શિક્ષિત વ્યક્તિ અન્ય અશિક્ષિત વ્યક્તિને શિક્ષિત કરવા માધ્યમ બનવા દરેક શિક્ષિત વ્યક્તિ સંકલ્પ લઈને પ્રૌઢ શિક્ષણના આ અભિયાનમાં જોડાઈને એને સફળ બનાવવા ભાગીદારી આપીએ.

તંત્રી સ્થાનેથી......

રાજ્યમાં વરસી રહેલા ભારે વરસાદના પરિણામે ૪૫ જળાશયો સંપૂર્ણ છલકાતા હાઈ એલર્ટ જાહેર કરાયા છે. આ ઉપરાંત સાત જળાશયોમાં ૯૦ ટકાથી ૧૦૦ ભરાતા હાઈ એલર્ટ જાહેર કરાયા છે. ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં હાલમાં ૧,૭૮,૨૮૬ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહશક્તિના ૫૩.૩૭ ટકા જળસંગ્રહ નોંધાયો છે. જ્યારે આ સિવાય રાજ્યના અન્ય ૨૦૬ જળાશયોમાં ૨,૬૪, ૩૬૨ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૪૭.૧૯ટકા જેટલો જળસંગ્રહ નોંધાયો છે તેમ, જળ સંપત્તિ વિભાગના અહેવાલમાં જણાવાયું છે. આજે સવારે ૮.૦૦ કલાકના અહેવાલ મુજબ રાજ્યમાં ભારે વરસાદના પરિણામે સરદાર સરોવર યોજનામાં ૨૩,૪૮૬ ક્યુસેક, ઉકાઈમાં ૩૬,૩૦૭ ક્યુસેક, દમણગંગામાં ૭,૦૧૮ ક્યુસેક, કડાણામાં ૬,૬૭૪ ક્યુસેક, પાનમમાં ૬,૬૪૮ ક્યુસેક અને હડફમાં ૫૫૦૦ ક્યુસેક પાણીની આવક નોંધાઈ છે. આ સિવાય રાજ્યના ૩૦ ડેમ ૭૦ ટકાથી ૧૦૦ ટકા ભરાતા એલર્ટ અપાયું છે. આ ઉપરાંત સરદાર સરોવર સહિત ૨૮ ડેમ ૫૦ થી ૭૦ ટકા ભરાતા વોર્નિંગ આપવામાં આવી છે જ્યારે ૩૬ ડેમ ૨૫થી ૫૦ ટકા ભરાયા છે. આ ઉપરાંત દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયોમાં ૫૩.૨૯ ટકા, સૌરાષ્ટ્રના ૧૪૧માં ૫૦.૮૮ ટકા, કચ્છના ૨૦માં ૪૯.૯૨ ટકા, મધ્ય ગુજરાતના ૧૭માં ૩૭.૨૯ ટકા, તથા ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૨૬.૪૯ ટકા પાણીનો સંગ્રહ થયો છે તેમ, જળ સંપત્તિ વિભાગની યાદીમાં વધુમાં જણાવ્યું છે.

ગાંધીનગર ખાતે ધી વસુધા ક્રેડિટ એન્ડ સપ્લાય કો.ઓ.સોસાયટીના ઉપક્રમે તેજસ્વી વિદ્યાર્થી સત્કાર સમારંભ સંપન્ન

૧૦ લાખ સુધીનું આર્થિક ધિરાણ પૂરું પાડતી ગાંધીનગરની સૌ પ્રથમ બીન પગારદારોની કો.ઓ.સોસાયટી

કમલમ્ ન્યુઝ,

ગાંધીનગર ખાતે ૩૮ વર્ષ પૂરા કરનાર બીન પગારદાર બચતદારો દ્વારા સ્થપાયેલ ધી વસુધા ક્રેડિટ એન્ડ સપ્લાય કો.ઓ.સોસાયટીના ઉપક્રમે તેજસ્વી વિદ્યાર્થીઓ તથા UPSC પરીક્ષામાં સફળ થનાર પાર્થ ચાવડા અને કિશનકુમાર જાદવ માટે સત્કાર સમારંભ યોજાયો હતો. મહાનુભાવોએ દિપ પ્રગટાવીને આ સમારંભને ખુલ્લો મૂક્યા બાદ કિશનભાઈ જાદવ અને પાર્થ ચાવડાનું પુષ્પગુચ્છ આપીને શાલ ઓઢાડીને બહુમાન કરી શુભેચ્છાઓ પાઠવી હતી. આ સમારંભના અધ્યક્ષ સ્થાનેથી પ્રાસંગિક ઉદબોધનમાં નિવૃત્ત IRS અધિકારી શ્રી મહીન મૌર્યએ વિદ્યાર્થીઓને કેવળ સરકારી કે ખાનગી નોકરી મેળવવાનું સિમિત લક્ષ ન રાખતાં સાહસિકતા કેળવી ઉદ્યોગ અને વેપાર જેવા ક્ષેત્રોમાં ઝંપલાવવા આહવાન કર્યું હતું. અતિથિ વિશેષ પદેથી નિવૃત્ત સંયુક્ત માહિતી નિયામક શ્રી નટુભાઈ પરમારે પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે, સમાજના દરેક વર્ગ માટે અનેક યોજનાઓ છે પરંતુ તેના યોગ્ય અમલીકરણના અભાવે ઉદ્ધાર થતો નથી ત્યારે વસુધા ક્રેડિટ સોસાયટી સભાસદોને ધિરાણ આપવાની સાથે સામાજિક અને શૈક્ષણિક પ્રોત્સાહન પુરું પાડવાનું નમૂનેદાર કાર્ય કરે છે. તેઓશ્રીએ UPSC ઉત્તીર્ણ કરનાર જુનાગઢના પાર્થ ચાવડા અને વિઠ્ઠલપુરા (તા.મહેમદાવાદ) ના કિશનકુમાર જાદવનો પરિચય આપ્યો હતો. આ સમારંભના અતિથિ વિશેષ પદેથી ડો. યોગેશ મૈત્રકે સમાજને આર્થિક રીતે પગભર, સદ્ધર તથા ગરીબી નિર્મૂલનની કામગીરીને વેગવાન બનાવવા વધુ ને વધુ ક્રેડિટ સોસાયટીઓ કાર્યાન્વિત કરવાની હિમાયત કરી હતી. સન્માનના પ્રતિભાવમાં પાર્થ ચાવડાએ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ કરતા વિદ્યાર્થીઓના વાલીઓને હંમેશા પોતાના સંતાનોની પડખે ઊભા રહી તેમને હિંમત અને પ્રેરણા આપવા અનુરોધ કર્યો હતો, જ્યારે કિશન જાદવે ન માત્ર UPSC કિન્તુ એ સિવાયના ક્ષેત્રોમાં પણ પોતાના સંતાનોની રૂચિ અનુસાર આગળ વધવા માટેનું વાતાવરણ પુરું પાડવા અને તેમને પ્રોત્સાહિત કરવા વાલીઓને સલાહ આપી હતી. પ્રારંભમાં વસુધા ક્રેડિટ સોસાયટીના પ્રમુખ શ્રી અમૃતભાઈ પરમારે સ્વાગત પ્રવચન સાથે સોસાયટીની પ્રગતિ અને પ્રવૃત્તિઓની રૂપરેખા રજૂ કરતાં જણાવ્યું હતું કે, સરકારી પ્રવૃત્તિઓની સાથે સમાજમાં શિક્ષણને પ્રોત્સાહન આપવા ગાંધીનગર શહેરમાં પ્રથમવાર બીનપગારદાર સભાસદોની સ્થપાયેલ વસુધા ક્રેડિટ સોસાયટીએ ૩૮મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. જરૂરિયાતમંદ સભાસદોને હાલ દસ લાખ સુધીનું ધિરાણ મેળવવામાં હવે રાહ જોવી પડતી નથી. આ સમારંભ પૂર્વે યોજાયેલ વસુધા ક્રેડિટ સોસાયટીની વાર્ષિક સાધારણ સભામાં પુનઃ સર્વાનુમતે શ્રી અમૃતભાઈ પરમારને પ્રમુખ તરીકેની જવાબદારી સોંપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી જશુભાઈ સુતરિયાએ અને આભાર દર્શન શ્રી મયુર મહેતાએ કર્યું હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગરની અનુસૂચિત જાતિની તમામ ક્રેડિટ એન્ડ સપ્લાય સોસાયટીઝના ચેરમેનશ્રીઓ, વસુધા ક્રેડિટ સોસાયટીના સભાસદો સહિત તેજસ્વી વિદ્યાર્થીઓ અને મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આજીવિકા ઊભી કરવા માર્કેટ પ્લેટફોર્મ પૂરું પડાય છે

સખીમંડળની ૮૫૦૦ બહેનોએ લીંબોળી એકત્ર કરીને ૪ કરોડની આવક મેળવી

૩૧ જુલાઇએ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી સ્વસહાય જૂથની મહિલાઓ સાથે "સખી સંવાદ કાર્યક્રમ"માં સામેલ થશે

કમલમ્ ન્યુઝ, ગાંધીનગર

રાજ્યમાં મિશન મંગલમ અંતર્ગત શરૂ કરવામાં આવેલા મહિલા સ્વસહાય જૂથો આ દિશામાં સાર્થક નિવડ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં, સ્વસહાય જૂથોને વધુ મજબૂત કરવામાં આવ્યા છે. ૩૧ જુલાઈના રોજ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સ્વસહાય જૂથની મહિલાઓ સાથે "સખી સંવાદ કાર્યક્રમ" માં સામેલ થશે. ગુજરાતના ગામડાઓની મહિલાઓની સાફલ્યગાથાઓ આજે સૌ માટે પ્રેરણા બની છે. વર્ષ ૨૦૨૧-૨૨માં રાજ્યની ૮૫૦૦ મહિલાઓએ, ત્રણ મહિનામાં ૫ હજાર મેટ્રિક ટન લીંબોળી એકત્ર કરીને ૪ કરોડની આવક મેળવી છે. GNFC દ્વારા નીમ પ્રોજેક્ટ અન્વયે લીંબોળીનો ઉપયોગ નીમ કોટેડ યુરિયા માટે, દવાઓ, નીમ ઓઈલ તેમજ અન્ય ઉત્પાદનો બનાવવામાં થાય છે. ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની (GLPC) હસ્તક સ્વ સહાય જૂથની મહિલાઓ લીંબોળી એકત્ર કરીને, તેના વેચાણથી આવક મેળવી રહી છે. આ પ્રોજેક્ટ અંતર્ગત વર્ષ ૨૦૨૧-૨૨માં મે થી જુલાઈ માસ દરમિયાન રાજ્યના ૧૫ જિલ્લાના સ્વ સહાય જૂથોની ૮૫૦૦ મહિલાઓએ લીંબોળી એકત્ર કરીને ૪ કરોડની આવક મેળવી છે. વર્ષ ૨૦૧૦માં મિશન મંગલમ શરૂ થયા બાદ અત્યાર સુધીમાં ગુજરાતના ૨૮ જિલ્લાઓમાં તાલીમ સંસ્થાઓ દ્વારા ૩.૧૩ લાખથી વધુ મહિલાઓને આત્મનિર્ભર બનવા માટે વિવિધ વ્યવસાયોમાં તાલીમ આપવામાં આવી છે. રાજ્યમાં ૨.૭૯ લાખથી વધુ સ્વસહાય જૂથોમાં ૨૭ લાખથી વધુ પરિવારો જોડાયેલા છે. આ પૈકી પ્રધાનમંત્રી જીવનજ્યોતિ વીમા યોજના (PMJJBY), પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના (PMSBY) અને આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PMJAY) અંતર્ગત ૨૩ લાખથી વધુ મહિલાઓને જીવનવીમા અને સ્વાસ્થ્ય સુરક્ષાનો લાભ મળ્યો છે. રાજ્યના ૧૧૮,૦૦૦ જૂથોને માઈક્રોફાઈનાન્સ અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ માટે ૪૩૩૮ કરોડની લોન આપવામાં આવી છે. રાજ્યમાં ૧૧૩,૨૮૭ નવા સ્વસહાય જૂથો બનાવવામાં આવ્યા છે અને ૧૫૬,૨૧૪ જૂથોને ફરીથી સક્રિય કરવામાં આવ્યા છે.

રાજ્યમાં અત્યારે કુલ ૨૬૯,૫૦૭ સ્વ સહાય જૂથો કાર્યરત છે. મહિલાઓ માટે આવકના સ્ત્રોત વધારવાના હેતુથી, એગ્રી ન્યૂટ્રી ગાર્ડનને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે, જેમાં સ્વસહાય જૂથોને ઉત્તમ ગુણવત્તાના બીજ આપીને ન્યૂટ્રી ગાર્ડન બનાવવા માટે મદદ કરવામાં આવે છે.

અત્યારસુધી ૭,૨૬,૪૯૫ ઘરોને ન્યૂટ્રી ગાર્ડનમાં આવરી લેવામાં આવ્યા છે. તે સિવાય સરસ મેળા, પ્રાદેશિક મેળા, રાખી મેળા, અને નવરાત્રિ જેવા અલગ અલગ વાર્ષિક ૧૦થી ૧૨ મેળાના આયોજનથી મહિલાઓને તેઓ દ્વારા ઉત્પાદિત ચીજ વસ્તુઓના વેચાણ થકી આજીવિકા ઊભી કરવામાં એક માર્કેટ પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવે છે.

બેઝમેન્ટમાં 3 વિદ્યાર્થીઓના મોતમાં નવો ખુલાસો

એક વાહને તેજ ગતિએ ટર્ન લીધો અને કોચિંગ સેન્ટરના ગેટનો દરવાજો તૂટી ગયો



કમલમ્ ન્યુઝ, નવી દિલ્હી

દિલ્હીના ઓલ્ડ રાજેન્દ્રનગર વિસ્તારમાં રાવ IAS કોચિંગ સેન્ટરના બેઝમેન્ટમાં પાણી ભરાઈ જવાના કારણે ત્રણ સિવિલ સેવાની તૈયારી કરી રહેલા વિદ્યાર્થીઓના મોત થયા હતા. કોચિંગ સેન્ટરમાં મોટા સપનાંઓ સાથે પ્રવેશ લેતાં વિદ્યાર્થીઓ પાસેથી મસમોટી ફી લેવામાં આવે છે. પરંતુ આ પ્રખ્યાત કોચિંગ સેન્ટરે નિયમોનું ઉલ્લંઘન કરીને વિદ્યાર્થીઓના જીવ જોખમમાં મૂકયા. આ સંસ્થા નિયમોનો ભંગ કરીને ભોંયરામાં લાયબ્રેરી ચલાવી રહી હતી. આ મામલે પોલીસની પ્રાથમિક તપાસમાં એ વાત સામે આવી છે કે, રસ્તા પર પાણી ભરાઈ જતાં એક ગાડી એ તેજ ગતિએ ટર્ન લીધો હતો અને આ દરમ્યાન જ કોચિંગ સેન્ટરના ગેટનો દરવાજો તૂટી ગયો હતો. કોચિંગ સેન્ટરના ગેટનો દરવાજો તૂટી જવાના કારણે ખૂબ જ પૂરજોશમાં પાણી કોચિંગ સેન્ટરના બેઝમેન્ટમાં ઘૂસી આવ્યું હતું. પોલીસે ગાડીના માલિકની ધરપકડ કરી લીધી છે. CCTV દ્વારા ગાડીની ઓળખ કરવામાં આવી છે.

આત્મનિર્ભર ભારત માટે BSNLમાં જોડાઈને રોજગાર મેળવો: સુરત ટેલિકોમ સલાહકાર સમિતિની બેઠકમાં ચર્ચા

સમિતિના અધ્યક્ષ માનનીય શ્રી પ્રભુભાઈ વસાવા દ્વારા શ્રી મુકેશ કુમાર દલાલ, માનનીય સાંસદ (લોકસભા)નું સ્વાગત

સમિતિના અધ્યક્ષ માનનીય શ્રી પ્રભુભાઈ વસાવા, સાંસદ અને અતિથિ વિશેષ શ્રી મુકેશકુમાર દલાલ, માનનીય સાંસદ (લોકસભા) તેમજ સલાહકાર સમિતિના અન્ય સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્ ન્યુઝ,

સુરત બિઝનેસ એરિયાના સિનિયર જનરલ મેનેજર શ્રી સંજીવ સિંઘવીજીએ સ્વાગત અને પરિચય પ્રવચન આપ્યું હતું. તેમણે સુરતના વ્યાપાર ક્ષેત્રની સેવાઓ અને સિદ્ધિઓ વિશે વિગતવાર માહિતી આપી હતી. તેમણે જણાવ્યું કે BSNL 3 પેઈન્ટીંગ સ્પર્ધામાં વિદ્યાર્થીઓની મહત્તમ ભાગીદારી બદલ સુરત BAને અખિલ ભારતીય કક્ષાએ પ્રથમ ઈનામ મળ્યું, જેની સમિતિના અધ્યક્ષ, સાંસદ માનનીય શ્રી પ્રભુભાઈ વસાવાજી અને અતિથિ વિશેષ શ્રી મુકેશ કુમાર દલાલજી દ્વારા ખૂબ પ્રશંસા કરવામાં આવી હતી. આગામી સમયમાં સુરત ડિજિટલ હબ બનશે તેમ પણ તેમણે જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે સુરત, તાપી, નર્મદા, વલસાડ, ભરૂચ, નવસારી, ડાંગ અને દમણ ચુંટી જીલ્લામાં જ્યાં કોઈ ઓપરેટરનું કવરેજ નથી ત્યાં BSNL ના 4G સર્વિસના ૪૫૬ ટાવર લગાવવામાં આવી રહ્યા છે જે ગુજરાત રાજ્યમાં સૌથી વધુ એટલે કે અંદાજે ૭૦% છે, જેના માટે તેમણે માનનીય શ્રી પ્રભુભાઈ વસાવાજી, માનનીય સાંસદનો આભાર માન્યો, કારણ કે આ તેમની પહેલ હતી જેના કારણે BSNL 4G સેચ્યુરેશન પ્રોજેક્ટમાં DOT GIRL મોબાઈલ નેટવર્કથી વંચિત હોય તેવા ગામોને આવરી લેવામાં આવ્યા છે. આ જાણીને અતિથિ વિશેષ શ્રી મુકેશ કુમાર દલાલ પ્રભાવિત થયા અને તેમણે ૧૫મી ઓગસ્ટ સુધીમાં ૪૬ સેવાઓ શરૂ કરવાનું સૂચન કર્યું, તેવી જ રીતે સુરતના બિઝનેસ એરિયામાં હાલના ૧૦૮૭ ટાવરને નવા સાધનો લગાવીને ૪૬માં રૂપાંતરિત કરવામાં આવી રહ્યા છે. અત્યાર સુધીમાં, USO 4G હેઠળ ૬૮ ટાવર ચાલુ કરવામાં આવ્યા છે, અને Ph-IX2 હેઠળ ૧૯૮ ટાવર ચાલુ કરવામાં આવ્યા છે. 4G સેવાઓ નજીકના ભવિષ્યમાં શરૂ થવાની તૈયારીમાં છે. તેમણે 700Mhz/Band-28 વિશે માહિતી આપી જેનો ઉપયોગ BSNL બારા 4G સેવાઓ માટે કરવામાં આવે છે. નવા ટાવર સ્વદેશી ટેકનોલોજી પર આધારિત છે જે આત્મનિર્ભર ભારત માટે મહત્વપૂર્ણ સાબિત થશે અને BSNL ટૂંક સમયમાં નફાકારક બનશે. સમિતિના અધ્યક્ષ, માનનીય શ્રી પ્રભુભાઈ વસાવા BSNI સુરતની સિદ્ધિઓ અને વિકાસ યોજનાઓ વિશે જાણીને ખૂબ પ્રભાવિત થયા. બેઠકમાં ફાઈબર કનેક્શન એટલે કે FTTH (ફાઈબર ટુ ધ બેમ) વિશે માહિતી આપવામાં આવી હતી. સુરતમાં બિઝનેસ સેકટરમાં ફાઈબર બ્રોડબેન્ડ કનેક્શન ખૂબ જ ઝડપથી વધી રહ્યા છે. એવું પણ જાણવા મળ્યું હતું કે સુરતમાં ફાઈબર કનેક્શનનો સૌથી વધુ વિકાસ દર છે અને સમગ્ર પશ્ચિમ વિસ્તારમાં સુરત બીએ બીજા ક્રમે છે, જેની ખૂબ જ પ્રશંસા થઈ અને સમિતિના અધ્યક્ષ સાસદ માનનીય શ્રી પ્રભુભાઈ વસાવાજીએ અભિનંદન પાઠવ્યા હતા. વરિષ્ઠ જનરલ મેનેજર શ્રી સંજીવ સિંઘવીએ BSNL ના TIP મોડલની ચર્ચા કરી. આ મોડલ હેઠળ શહેરી અને ગ્રામીણ યુવાનો BSNL સાથે જોડાઈ શકે છે અને ગ્રાહકોને ફાઈબર કનેક્શન આપી શકે છે અને તેની જાળવણી કરીને સારી કમાણી કરી શકે છે. સમિતિના અધ્યક્ષ દ્વારા આ યોજનાની ખૂબ પ્રશંસા કરવામાં આવી હતી. બેઠકમાં BSNL ભરા સંચાલિત આધાર કાર્ડ સેન્ટર અંગે પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. સમિતિના અધ્યક્ષ અને સભ્યોએ BSNLની આધારની સેવાઓની પ્રશંસા કરી હતી. સમિતિના અધ્યક્ષ, સાસદ માનનીય શ્રી પ્રભુભાઈ વસાવાએ ગ્રાહકોને આધાર કાર્ડની સેવાઓ સરળતાથી મળી રહે તે માટે સુરત અને તાપી જિલ્લામાં આધાર શિબિરો શરૂ કરવાની દરખાસ્ત કરી હતી. સમિતિના સભ્યો અને બીએસએનએલના અધિકારીઓ વચ્ચે બેઠકમાં ખુલ્લી ચર્ચા થઈ હતી. ચર્ચામાં તમામ સભ્યો પાસેથી કેટલીક મહત્વની માહિતી મળી હતી જેના પર સમિતિના અધ્યક્ષે ચર્ચા કરી સૂચનો આપ્યા હતા. માનનીય સાસદ અને સલાહકાર સમિતિના અધ્યક્ષો BSNL ને શક્ય તમામ મદદ કરવાનું વચન આપ્યું હતું, તેમણે સમિતિના સભ્યો અને BSNL અધિકારીઓ વચ્ચે સહકાર અને સતત સંપર્કમાં રહેવાની આશા વ્યકત કરી. અંતમાં, સમિતિના અધ્યક્ષ માનનીય શ્રી પ્રભુભાઈ વસાવાજીએ BSNL સુરતની સિદ્ધિઓ, વિકાસ અને દુરદર્શી યોજનાઓની ખૂબ પ્રશંસા કરી તેમણે અને સમિતિના અન્ય સભ્યોએ BSNL સુરતના મજબૂત વ્યવસાયિક અભિગમની તેમજ તમામ સ્તરે સેવાઓ પૂરી પાડવાના તેના પ્રયાસોની ખૂબ પ્રશંસા કરી અને સંપૂર્ણ સહકારનું વચન આપ્યું. બેઠકમાં BSNI સુરત બિઝનેસ એરિયા વતી સંજય કે.મંડલિક, ડેપ્યુટી જનરલ મેનેજર (HQ) સુરત, ઘનશ્યામ એમ ઈંગલે, ડેપ્યુટી જનરલ મેનેજર (એરિયા-૧) સુરત, રાજેશ રાણા ડેપ્યુટી જનરલ મેનેજર (EB/TX) સુરત, દિનેશ બી ચૌહાણ, ડેપ્યુટી જનરલ મેનેજર (એરિયા-૨) ભરૂચ, કિરણ સપકાળે, ડેપ્યુટી જનરલ મેનેજર (એરિયા-૩) વલસડ અને ટેલિકોમ એડવાઈઝરી કમિટીના સભ્ય શ્રી અભિષેક દેવચંદભાઈ કોસંબીયા-સુરત, શ્રીમતી રેણુકાબેન પદ્મનાભભાઈ શાહ-સુરત, શ્રી અરવિંદભાઈ માવજીભાઈ મહેતા-સુરત, શ્રી દેવસિંહભાવરસિંગ રાજપુરોહિત-બારડોલી, શ્રી આનંદભાઈ મહેશભાઈ પટેલ બારડોલી, શ્રી સજયભાઈ બાબરભાઈ બિરારી વાંસદા, નવસારી, શ્રી ખુશાલભાઈ જીવલુભાઈ વાધુકપરાડા, વલસાડ, શ્રી રાજેશભાઈ મનસુખભાઈ ગામીત પિંપરી જિલ્લા ડાંગ ઉપસ્થિત રહ્યા હતા.

'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત સ્વામી વિવેકાનંદ વિદ્યા વિહાર, સેક્ટર- ૧૨ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો : શાળાના બાળકો, વાલીઓ અને સ્ટાફ પરિવારે ૨૦૦ જેટલા રોપાઓની વાવણી કરી

ગાંધીનગર મહાનગરપાલિકાના મેયરશ્રી અને ગાંધીનગર (ઉ) ના ધારાસભ્યશ્રીએ બાળકો સાથે વૃક્ષારોપણ કરીને પ્રોત્સાહિત કર્યા

કમલમ્ ન્યુઝ,

ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સ્વામી વિવેકાનંદ વિદ્યા વિહાર, સેકટર -૧૨ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગરના મેયર શ્રી મીરાબેન પટેલ અને ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય શ્રી રીટાબેન પટેલે વૃક્ષા રોપણ કરીને શાળાના વિધાર્થીઓ અને વાલીઓને પ્રેરિત કર્યા હતા. શાળાના વિદ્યાર્થીઓ અને શાળા પરિવાર દ્વારા શાળાના પ્રટાંગણમાં ૨૦૦ જેટલા રોપાઓની વાવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલે જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાં પર્યાવરણની જાળવણીના આશયથી દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'એક પેડ મા કે નામ' નું ઉમદા અભિયાન શરૂ કર્યું છે. રાજયના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ અને અભિયાનને સાર્થક કરવા તાજેતરમાં ગાંધીનગર ખાતેથી અર્બન ફોરેસ્ટ અભિયાનની શરૂઆત કરાવી છે. તેમણે ઉમેર્યું હતું કે, આ વર્ષે વાવેલા વૃક્ષોની જાળવણી યોગ્ય રીતે વિદ્યાર્થીઓ કરશે, તો આવતા વર્ષ આ તારીખે આપણે સૌ એક વર્ષના થયેલા વૃક્ષોનો જન્મદિવસ ઉજવવા એકેઠા થઈશું. તેમણે વિદ્યાર્થીઓને પર્યાવરણને કેમ બચાવું જોઈએ તેની આગવી શૈલીમાં સમજ આપવા કોરોના કાળને યાદ કરીને કહ્યું હતું કે, તે સમયે ઓક્સિજનનું મહત્વ આપણા જીવનમાં કેટલું છે, તે આપણી સમજી ગયા છે. વૃક્ષો થકી આપણને ઓક્સિજન સાથે સાથે અનેક ઔષિધી પણ મળે છે, જે આપણા શરીરમાંથી રોગોનું નિદાન કરે છે. છેલ્લા ઉનાળાની ઋતુની અનુભૂતિ આપણેને કઠિન લાગી છે, જો વૃક્ષોનો ઉછેર કરવામાં નહિ આવે તો આગામી ઉનાળામાં તાપમાન કેટલું થશે, તેની વિસ્તૃત માહિતી આપી હતી. જેથી દરેક વિધાર્થીઓને શાળામાં આજે રોપવામાં આવેલા વૃક્ષોનું જતન કરીને દેશ પ્રત્યે પોતાના આદરને ઉજાગર કરવાની તક મળી છે. ગાંધીનગર મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી ગૌરાંગ વ્યાસે જણાવ્યું હતું કે, પર્યાવરણની જાળવણી માટે આપેલ યોગદાન પણ દેશ સેવાને તુલ્ય છે. સમાજ અને દેશની સેવા કરવા માટે ગ્લોબલ વાર્મિંગના સમયમાં વૃક્ષારોપણની પ્રવૃત્તિ એક ઉમદા અને પ્રસંશનીય કાર્ય છે. તેમણે દેશના વડાપ્રધાનશ્રીના ઉમદા અભિયાન 'એક પેડ મા કે નામ'માં સહભાગી થઈ પર્યાવરણ પ્રત્યેની પોતાની નિષ્ઠા અદા કરવા માટે એક વૃક્ષ વાવવા નમ્ર અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે શાળાના પ્રટાગણમાં મહાનુભાવો અને શાળાના બાળકો દ્વારા ૨૦૦ જેટલા રોપાઓની વાવણી કરવામાં આવી હતી. આ ઉમદા અભિગમને સાર્થક કરવા જિલ્લાના નાયબ વનસંરક્ષક શ્રી ચંદ્રેશકુમાર, જિલ્લા શિક્ષણાધિકારી શ્રી ડૉ. બી.એન. પ્રજાપતિ, પ્રાથમિક જિલ્લાશિક્ષણાધિકારી શ્રી ડૉ.પિયુષપટેલ, આર.એફ.ઓ શ્રી રામદેવસિંહ ગોહિલ સહિત શાળાના બાળકો, સ્ટાફ પરિવાર અને બાળકોના વાલીઓ મોટી સંખ્યામાં સહભાગી બન્યા હતા.

સાપુતારા સ્થિત સ્પોર્ટ્સ સંકુલની મુલાકાત લેતા પ્રવાસન મંત્રી શ્રી મુળુભાઈ બેરા

કમલમ્ ન્યુઝ, આહવા

મેઘમલ્હાર પર્વ-૨૦૨૪ના ઉદ્દઘાટન માટે પધારેલા પ્રવાસન મંત્રી શ્રી મુળુભાઈ બેરાએ, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદ્રષ્ટિને કારણે શરૂ થયેલા ખેલ મહાકુંભ જેવા રમતોત્સવમાંથી અમૂલ્ય ખેલ પ્રતિભાઓ, રાજ્ય અને દેશને પ્રાપ્ત થઈ છે તેમ જણાવ્યું હતું. સાપુતારાના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે ખેલાડીઓ સાથે સંવાદ સાધતા મંત્રીશ્રીએ, શ્રેષ્ઠ દેખાવ કરનાર ખેલાડીઓ માટે રહેલી આગળ વધવાની તકો, યોજનાઓ, અને ખેલાડીઓ માટે વિવિધ નોકરીની તકોની પણ જાણકારી આપી હતી. પ્રવાસન મંત્રીશ્રીએ મેઘ મલ્હાર પર્વની સાથે સાથે સ્પોર્ટ્સ કોમ્પલેક્ષની પણ મુલાકાત લીધી હતી. આ વેળા ડાંગ જિલ્લાના બાળકો, ખેલાડીઓમાં રહેલી અખૂટ પ્રતિભાને બહાર લાવવાનો અવસર વિવિધ રમત મહોત્સવ થકી પ્રાપ્ત થાય છે તેમ જણાવતા પ્રવાસન સચિવ શ્રી રાજેન્દ્ર કુમારે સાપુતારા સ્પોર્ટ્સ કોમ્પલેક્ષના ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા. મંત્રીશ્રી સહિતના મહાનુભાવોએ ખેલાડીઓને પ્રોત્સાહિત કરતા તીરંદાજી પણ કરી હતી. આ વેળા પ્રવાસન મંત્રી શ્રી મુળુભાઈ બેરા, ડાંગના ધારાસભ્ય એવા ગુજરાત વિધાનસભાના નાયબ દંડક શ્રી વિજયભાઈ પટેલ, જિલ્લા પંચાયત અધ્યક્ષા શ્રીમતી નિર્મળાબેન ગાઈન, ભાજપા પ્રમુખ શ્રી કિશોરભાઈ ગાવિત, પ્રવાસન સચિવ શ્રી રાજેન્દ્ર કુમાર, મેનેજીંગ ડિરેક્ટર સુશ્રી એસ. છાકછુઆક, કલેક્ટર શ્રી બી.બી.ચૌધરી, જિલ્લા વિકાસ અધિકારી શ્રી રાજ સુથાર સહિતના અધિકારી, પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે, સાપુતારા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ ખાતે હોકી, આર્ચરી, એથ્લેટીક્સ, વોલીબોલ, કબ્બડી, ખો-ખોની રમત માટે મલ્ટી પર્પસ હોલ અને બેડમિન્ટન હોલ ઉપલબ્ધ છે. અહીં ગુજરાતના તમામ જિલ્લાઓમાંથી કુલ ૮૪ ખેલાડીઓ પ્રશિક્ષણ લઈ રહ્યા છે. જેમાંથી વર્ષ ૨૦૨૩-૨૪ માં હોકીમાં ૧૦ ખેલાડીઓ, આર્ચરીમાં ૪ ખેલાડી, અને એથલેટીક્સ રમતમાં ૧ ખેલાડીએ, નેશનલ કક્ષાએ ભાગ લીધો છે. આ વર્ષે ખેલ મહાકુંભમાં ડાંગ જિલ્લાની હોકીની બહેનોની ટીમે સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો છે. તથા ખેલ મહાકુંભની આર્ચરી રમતમાં રાજ્યકક્ષાએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે. જેમાં ૨ ગોલ્ડ મેડલ, ૭ સિલ્વર મેડલ, અને ૩ બ્રોન્ઝ મેડલ મેળવેલ છે. આ ઉપરાંત એથ્લેટીક્સ રમતમાં ૧ ગોલ્ડ અને ૧ બ્રોન્ઝ મેડલ મેળવી, આ ખેલાડીઓએ ડાંગ જિલ્લાનું નામ રોશન કર્યું છે. હાલમાં અહીં દેવગઢબારિયા એથલેટીક્સ રમતની એકેડમીના ખેલાડીઓ પણ તાલીમ લઈ રહ્યા છે.

સાપુતારા રમત સંકુલ ખાતે ઉપલબ્ધ સુવિધાઓ

સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર હસ્તકના સાપુતારાનું જિલ્લા રમત સંકુલ, ૧૫ એકરમાં બનાવવામાં આવ્યું છે. જેમાં, ૪૦૦ મીટર સિન્થેટીક એથ્લેટિક ટ્રેક, ગ્રાસી ફૂટબોલ ગ્રાઉન્ડ (પ્રેક્ટીસ), ઈન્ડોર મલ્ટિપર્પઝ હોલ (જુડો, ટેબલ ટેનિસ, બાસ્કેટ બોલ), ઈન્ડોર બેડમિન્ટન હોલ, ઓફીસ બિલ્ડિંગ, ૧/૪ એસ્ટ્રોટર્ફ હોકી ગ્રાઉન્ડ, ૧૫૦ ખેલાડીઓની ક્ષમતા ધરાવતી ચાર મજલાની હોસ્ટેલ બિલ્ડિંગ, ખો-ખો કોર્ટ (બે), કબડ્ડી કોર્ટ (બે) અને વોલીબોલ કોર્ટ (બે) ખેલાડીઓ માટે ઉપલબ્ધ છે.

મુન્દ્રા કસ્ટમે રૂ. ૧૦૦ કરોડનું ગેરકાયદેસર માદક દ્રવ્ય જપ્ત કર્યો, જેની આફ્રિકામાં નિકાસ કરવામાં આવી રહી હતી





કમલમ્ ન્યુઝ,

મુન્દ્રા કસ્ટમ્સના એસઆઈઆઈબી (સ્પેશ્યલ ઈન્ટેલિજન્સ એન્ડ ઈન્વેસ્ટિગેશન બ્રાન્ચ) દ્વારા એકઠી કરવામાં આવેલી ગુપ્ત માહિતીના આધારે, રાજકોટ સ્થિત વેપારી નિકાસકારના બે નિકાસ કન્સાઈન્મેન્ટ્સ કે જે પશ્ચિમ આફ્રિકાના દેશો સિએરા લિઓન અને નાઈજર માટે નિર્ધારિત હતા, જેને ડિક્લોફેનાક ટેબ અને ગેબેડોલ ટેબ તરીકે જાહેર કરવામાં આવ્યા છે, તેને અટકાવવામાં આવ્યા હતા અને તેની તપાસ કરવામાં આવી હતી. જ્યારે જાહેર કરાયેલી વસ્તુ કન્ટેનરના આગળના છેડેથી મળી આવી હતી, ત્યારે વિગતવાર તપાસમાં બહાર આવ્યું હતું કે અઘોષિત દવાની પટ્ટીઓ ધરાવતા બોક્સ જેમાં 'ટ્રેમેકિંગ ૨૨૫ અને 'રોયલ-૨૨૫' એમ બંનેમાં ટ્રામાડોલ હાઈડ્રોક્લોરાઈડ ટેબ્લેટ ૨૨૫ મિલિગ્રામ હોય છે. ન તો, સ્ટ્રીપ્સ કે ન તો બોક્સમાં ઉત્પાદકની કોઈ વિગતો હતી. કસ્ટમ અધિકારીઓ દ્વારા પરીક્ષા દરમિયાન આશરે ૧૧૦ કરોડ રૂપિયાની આંતરરાષ્ટ્રીય શેરી કિંમત સાથે ટ્રામાડોલની કુલ ૬૮ લાખ જેટલી ગોળીઓ મળી આવી હતી અને તેને જપ્ત કરવામાં આવી છે. રાજકોટ, ગાંધીનગર અને ગાંધીધામ ખાતે ફોલોઅપ સર્ચ ચાલી રહ્યું છે. "ટ્રામાડોલ", એક ઓપિઓઈડ દર્દની દવા છે, જે એક સાયકોટ્રોપિક પદાર્થ છે અને એનડીપીએસ એક્ટ, ૧૯૮૫ ની કલમ ૮ (સી) હેઠળ ટ્રામાડોલની નિકાસ પર પ્રતિબંધ છે. ટ્રામાડોલને ૨૦૧૮માં એનડીપીએસ એક્ટ હેઠળ સાયકોટ્રોપિક પદાર્થ તરીકે સૂચિત કરવામાં આવી હતી. આઈએસઆઈએસના લડવૈયાઓએ લાંબા સમય સુધી જાગવા માટે તેનો ઉપયોગ કર્યો હોવાના અહેવાલ પછી ટ્રામાડોલે તાજેતરના સમયમાં "ફાઈટર ડ્રગ" તરીકે બદનામી મેળવી છે. એવું પણ જાણવા મળ્યું છે કે આ કૃત્રિમ ઓપિઓઈડ દવા લોકપ્રિય છે અને નાઈજિરિયા, ઘાના વગેરે જેવા આફ્રિકન દેશોમાં તેની ઊંચી માંગ છે. મુન્દ્રા કસ્ટમ્સ દ્વારા આ જપ્તી એ ટ્રામાડોલની સૌથી મોટી જપ્તીમાંની એક છે કારણ કે તેને એનડીપીએસ એક્ટ હેઠળ સૂચિત કરવામાં આવી હતી. આ મામલે વધુ તપાસ ચાલી રહી છે.

ભારતીય વિદ્યાર્થીઓના અભાવથી કેનેડાની કોલેજોને મોટો ફટકો

કેનેડામાં આ વખતે ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સની સંખ્યા ઘટતા કોલેજો માટે ગંભીર પરિસ્થિતિ ઊભી થઈ છે

કેનેડામાં છેલ્લા કેટલાક વર્ષોમાં ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સની સંખ્યા સતત વધી રહી છે. જેના કારણે રોજગારી અને હાઉસિંગની અછત સર્જાઈ રહી હોવાના કારણે સરકાર પર તેને નિયંત્રણમાં લાવવાનું દબાણ ઊભું થયું હતું. જેના કારણે કેનેડાએ આ વર્ષની શરૂઆતમાં ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ પરમિટ જારી કરવા પર પ્રતિબંધ મૂક્યો હતો અને ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સ પર મર્યાદા લાદી હતી. જો કે, સરકારના આ પગલાથી યુનિવર્સિટીઓ અને કોલેજોની ઊંઘ ઊડી ગઈ છે. કારણ કે સરકારના આ નિર્ણયથી વિદ્યાર્થીઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે અને ગંભીર બજેટ કાપની ચિંતા ઊભી થઈ છે. કેનેડિયન સરકાર દ્વારા સ્ટડી પરમિટ આપવામાં આવતી હોય છે જે કેનેડાની ડેઝિગ્નેટેડ લર્નિંગ ઈન્સ્ટિટ્યુશન્સ એટલે કે DLIમાં અભ્યાસ કરવા ઈચ્છતા વિદેશી વિદ્યાર્થીઓ માટે મહત્વની હોય છે. કેનેડામાં આવતા ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સમાં સૌથી વધુ સંખ્યા ભારતીય વિદ્યાર્થીઓની હતી. ગત વર્ષે કેનેડામાં જેટલા ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સ આવ્યા હતા તેમાંથી સૌથી વધુ ૩૭ ટકા સ્ટુડન્ટ્સ ભારતીય હતા. આ વર્ષે સ્ટડી પરમિટ પર મૂકવામાં આવેલા કાપના કારણે કેનેડામાં ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સની સંખ્યામાં નાટ્યાત્મક ઘટાડો થયો છે. જેને ફેકલ્ટીના સભ્યો એનરોલમેન્ટમાં અચાનક અને વધુ પડતાં ઘટાડાથી ઊભી થયેલી કટોકટી ગણાવે છે. લાંગરા કોલેજના પ્રમુખ પૌલા બર્ન્સે જણાવ્યું હતું કે, ગત વર્ષ કરતાં આ વખતે ૨૦૨૫ના સ્પ્રિંગ ઈન્ટેકમાં ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સની અરજીઓમાં ૭૯ ટકાનો ધરખમ ઘટાડો નોંધાયો છે. તેમણે ઈન્સ્ટ્રક્ટર્સને મોકલેલા એક ગ્રુપ ઈમેઈલમાં લખ્યું છે કે, ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સની સંખ્યામાં આવા તીવ્ર ઘટાડાના કારણે ફેકલ્ટી મેમ્બર્સના પગાર, લાભો અને જોબની સ્થિરતાને અસર થઈ શકે છે. યુનિવર્સિટીઓ અને કોલેજોને એટલા માટે પણ ફટકો પડી રહ્યો છે કેમ કે ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સ કેનેડાના ડોમેસ્ટિક સ્ટુડન્ટ્સ કરતાં ચાર ગણી વધારે ટ્યુશન ફી ચૂકવતા હોય છે. દાખલા તરીકે બ્રિટિશ કોલંબિયા યુનિવર્સિટી ખાતે ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સ વાર્ષિક ૪૫,૦૦૦ ડોલર એટલે કે ૩૭.૬૭ લાખ રૂપિયા ચૂકવે છે જે ડોમેસ્ટિક સ્ટુડન્ટ્સ કરતાં પાંચ ગણા વધારે છે. લાંગરા કોલેજમાં ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સની સંખ્યા નોંધપાત્ર રહી છે. તેના કુલ વિદ્યાર્થીઓમાંથી ૩૭ ટકા ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સ છે. ગત વર્ષે આ કોલેજમાં ૭૫૦૦ ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સે એડમિશન લીધું હતું જેમાંથી મોટા ભાગના વિદ્યાર્થીઓ ભારતના હતા. સામાન્ય રીતે કેનેડા વિદેશી માઈગ્રન્ટ્સ અને ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સને આવકારનારો દેશ રહ્યો છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં કેનેડામાં ઈમિગ્રેશન અને ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સની સંખ્યા અત્યંત ઝડપથી વધી ગઈ છે. જેના કારણે કેનેડામાં હાઉસિંગની અછત સર્જાઈ છે તથા હેલ્થકેર અને અન્ય સેવાઓ પર ભારણ વધી ગયું છે. પરિણામે સરકાર પર ઈમિગ્રેશન અને ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સની સંખ્યા પર નિયંત્રણ મૂકવાનું દબાણ વધી ગયું હતું. તેથી સરકારે આ વર્ષની શરૂઆતથી જ ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સ માટે કેટલાક કડક નિયમો અમલમાં મૂક્યા છે અને સ્ટડી પરમિટ ઈસ્યુ કરવા પર પણ કાપ મૂક્યો છે. જોકે, હવે તેની અસર ત્યાંની યુનિવર્સિટીઓ અને કોલેજો પર પડી રહી છે. ઈમિગ્રેશન મિનિસ્ટર માર્ક મિલરે આકાપ અંગે સમજાવ્યું હતું કે કેનેડાનો હેતું ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સને ગુણવત્તા સભર એજ્યુકેશન મળી રહે તે સુનિશ્ચિત કરવાનો છે.

પ્રત્યેક યુનિવર્સિટી કોઈપણ એક રમત પસંદ કરે અને એ રમતમાં યુવાનોને 'ચેમ્પિયન' બનાવવા પરિશ્રમ કરે : શ્રી આચાર્ય દેવવ્રતજી

કોલેજના દરેક યુવાનો કર્તવ્યનિષ્ઠાથી 'એક પેડ માં કે નામ' વાવે અને તેનું જતન-સંવર્ધન કરે

વિકસિત ભારતના નિર્માણ માટે યુવાનો 'માય ભારત' પોર્ટલ સાથે જોડાય : પોતાના જ્ઞાનને અન્ય નાગરિકોના સુખનો આધાર બનાવે

યુનિવર્સિટીઓ અને કોલેજોના કેમ્પસમાં પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના કામચલાઉ વેચાણ કેન્દ્ર ઊભા થાય : યુવાનો સ્વાસ્થ્ય પ્રત્યે સજાગ થાય તે માટે રાજ્યપાલનો અનુરોધ



ગુજરાતની તમામ યુનિવર્સિટીઓના કુલપતિઓને વીડિયો કોન્ફરન્સના માધ્યમથી રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીનું માર્ગદર્શન

કમલમ્ ન્યુઝ,

રાજ્યપાલ અને રાજ્યની યુનિવર્સિટીઓના કુલાધિપતિ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે તમામ યુનિવર્સિટીઓના કુલપતિઓને કહ્યું હતું કે, પ્રત્યેક યુનિવર્સિટી કોઈપણ એક રમત નક્કી કરે અને પસંદગીની એ રમતમાં પોતાની યુનિવર્સિટીના યુવાનોને 'ચેમ્પિયન' બનાવે. વર્ષ - ૨૦૩૬ માં ભારત-ગુજરાત ઓલિમ્પિકના યજમાન બનવાની તૈયારી કરી રહ્યું છે ત્યારે આપણા યુવાનોને રમતગમતમાં વિશેષરૂપે તૈયાર કરવા ખૂબ જરૂરી છે. આ માટે દરેક યુનિવર્સિટી એકબીજા સાથે ચર્ચા કરીને રમતની પસંદગી કરે, પોતાની યુનિવર્સિટીના સ્પોર્ટ્સ વિભાગને વધુ સુદ્રઢ કરે અને રમતના મેદાનો તૈયાર કરે. રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિઓને વિડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી માર્ગદર્શન આપતાં શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, યુવાનો ઊર્જા અને શક્તિનો અખૂટ સ્ત્રોત છે. તેમની ઊર્જાને યોગ્ય દિશા આપવાની આવશ્યકતા હોય છે. ગુજરાત વેપાર-ઉદ્યોગ સહિત અનેક ક્ષેત્રોમાં અગ્રેસર છે એમ રમત-ગમતમાં પણ ભારતનું નેતૃત્વ કરવા ગુજરાતના યુવાનો આગળ આવે. રમત-ગમતથી શારીરિક વિકાસની સાથોસાથ યુવાનોનો બૌદ્ધિક વિકાસ પણ થાય છે. 'એક પેડ માં કે નામ' વૃક્ષારોપણ-જતન-સંવર્ધનના આ મહાઅભિયાનમાં યુનિવર્સિટીઓના યુવાનો સક્રિયતાથી સહભાગી થાય એવો અનુરોધ કરતાં શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, દેશના ૧૪૦ કરોડ લોકો એક એક વૃક્ષ વાવે તો કેટલું મોટું કામ થાય. કુલપતિઓ એક દિવસ નિશ્ચિત કરે અને તમામ કોલેજોના છાત્રો પ્રમાણિકતાપૂર્વક આ મિશનમાં જોડાઈને વૃક્ષ વાવે, પરિવારજનો, મિત્રોને પણ વૃક્ષારોપણની પ્રેરણા આપે. વૃક્ષારોપણ પછી માત્ર બે વર્ષ આપણે વૃક્ષની કાળજી લેવાની છે, ત્યાર પછી એ વૃક્ષ આખી જિંદગી આપણી સંભાળ રાખશે. આપણી આવનારી પેઢીઓનું પણ કલ્યાણ કરશે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી ભારતના સર્વાંગી વિકાસ માટે, ભારતને આત્મનિર્ભર બનાવવા માટે, વિકસિત ભારતના નિર્માણ માટે સંકલ્પબદ્ધ છે. સાથોસાથ સમાજ ઉપયોગી સંવેદનશીલ બાબતો પણ સતત તેમની ચિંતાનો વિષય હોય છે, એમ કહીને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ 'એક પેડ માં કે નામ' અભિયાનમાં યુવાનો કર્તવ્યનિષ્ઠાથી જોડાઈને સમાજ અને દેશ પ્રત્યેની પોતાની જવાબદારી નિભાવે એ માટે કુલપતિઓને અનુરોધ કર્યો હતો. ભારતના વિકાસમાં યુવાનો સહભાગી થાય. પોતાની બુદ્ધિ-ક્ષમતાને રાષ્ટ્રના નિર્માણમાં વાપરે અને પોતાના જ્ઞાનને ભારતના અન્ય નાગરિકોના સુખનો આધાર બનાવે એવી અપીલ કરતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ સૌ યુવાનોને 'માય ભારત' પોર્ટલ સાથે જોડાઈ જવા કહ્યું હતું. કુલપતિઓ આ માટે યુવાનોને પ્રેરણા આપે એમ કહીને તેમણે કહ્યું હતું કે, ભારતના ગૌરવ અને પરંપરા સાથે જોડાયેલા રહીને યુવાનો દેશભક્તિ સાથે જવાબદાર નાગરિક બને અને 'વિકસિત ભારત'ના નિર્માણમાં પોતાનું યોગદાન આપે. ગુજરાતના મહાન સપૂત સરદાર વલ્લભભાઈ પટેલે આઝાદ ભારતને એકતાના સૂત્રમાં બાંધવાનું મહાન કાર્ય કર્યુ છે. ગુજરાતની યુનિવર્સિટીઓના યુવાનો ઉત્સાહપૂર્વક અન્ય રાજ્યોના યુવાનો સાથે સાંસ્કૃતિક આદાન-પ્રદાન કરે અને રાષ્ટ્રીય એકતાની ભાવનાને વધુ મજબૂત કરે. એમ કહીને રાજ્યપાલશ્રીએ કુલપતિઓને આ દિશામાં યુવાનોને પ્રેરણા મળે તેવા કાર્યક્રમોના આયોજન કરવા અનુરોધ કર્યો હતો. યુવાનો સ્વાસ્થ્ય પ્રત્યે વિશેષ સજાગ થાય તે માટે તેમને પ્રાકૃતિક ખેતીનું પણ માર્ગદર્શન આપવાનો અનુરોધ કરતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ રાસાયણિક ખાતર અને ઝેરી જંતુનાશક દવાઓથી મુક્ત પ્રાકૃતિક ખેતીથી ઉત્પન્ન થતા અનાજ, શાકભાજી અને ફળફળાદી યુવાનોને મળી રહે તે માટે કોલેજ કેમ્પસમાં પ્રાકૃતિક કૃષિ પેદાશોના કામચલાઉ વેચાણ કેન્દ્રો ઉભા કરવા કુલપતિઓને અનુરોધ કર્યો હતો. આથી પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને પણ પ્રોત્સાહન મળશે. કૃષિ યુનિવર્સિટીઓ સાથે જોડાયેલા પ્રાકૃતિક ખેતી નિષ્ણાતો અન્ય કોલેજોમાં જઈને પ્રાકૃતિક કૃષિ માટે માર્ગદર્શન આપે તેવા આયોજન કરવા પણ તેમણે કહ્યું હતું. વિડિયો કોન્ફરન્સના આરંભે રાજ્યના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગના અગ્ર સચિવ શ્રી મુકેશ કુમારે સ્વાગત ઉદ્દબોધન કર્યુ હતું. અંતમાં ઉચ્ચ શિક્ષણ કમિશનર શ્રી ગુરવ દિનેશ રમેશે સૌનો આભાર માન્યો હતો. આ બેઠકમાં કૃષિ યુનિવર્સિટીઓના કુલપતિઓ સહિત તમામ યુનિવર્સિટીઓના કુલપતિઓ વર્ચ્યુઅલી જોડાયા હતા.

વિદ્યાર્થીઓમાં વિવિધ જીવન કૌશલ્યના વિકાસ હેતુ માટે રાજ્ય સરકાર સંકલ્પબદ્ધ

ધો. ૧ થી ૮ની ૩૦ હજારથી વધુ શાળાઓમાં બાળમેળા તથા જીવન કૌશલ્ય આધારીત બાળમેળા યોજાશે

આગામી તા. ૩જી ઓગસ્ટે ધો. ૬ થી ૮ ના બાળકો માટે રાજ્યની શાળાઓમાં જીવન કૌશલ્ય આધારીત બાળમેળો યોજાશે

કમલમ્ ન્યુઝ,

વિદ્યાર્થીઓમાં વિવિધ જીવન કૌશલ્યના વિકાસ હેતુ માટે રાજ્ય સરકાર સંકલ્પબદ્ધ છે. જે અંતર્ગત ધો. ૧ થી ૮ની ૩૦ હજારથી વધુ શાળાઓમાં બાળમેળા તથા જીવન કૌશલ્ય આધારીત બાળમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા. ૩જી ઓગસ્ટે ધો. ૬ થી ૮ ના બાળકો માટે રાજ્યની શાળાઓમાં જીવન કૌશલ્ય આધારીત બાળમેળાઓ યોજાશે તેમ શિક્ષણ વિભાગની યાદીમાં જણાવાયું છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦માં કલા, ક્વીઝ, રમત ગમત અને વ્યાસાયિક હસ્તકલા સહિતની વિવિધ પ્રકારની સંવર્ધન પ્રવૃત્તિઓ માટે સમગ્ર વર્ષ દરમ્યાન બેગલેસ દિવસોને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. જેને અનુલક્ષીને જીસીઈઆરટી(GCERT) દ્વારા વિદ્યાર્થીઓમાં વિવિધ જીવન કૌશલ્યોનો વિકાસ થાય તે માટે દર વર્ષે ધોરણ ૧ થી ૫ ના વિદ્યાર્થીઓ માટે બાળમેળા તથા ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે જીવન કૌશલ્ય આધારીત બાળમેળાનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે તા.૨૭ જુલાઈના શનિવારે ધો. ૧ થી ૫ ના બાળકો માટે બાળમેળો યોજાયો હતો. બાળકોના સર્વાંગી વિકાસ તેમજ તેના જીવન ઘડતર માટે 'બાળમેળો' એ પાયાના પગથિયા સમાન છે. શાળાના બાળકો વિવિધ પ્રવૃત્તિઓથી અવગત થાય તથા આનંદદાયી અને પ્રવૃત્તિલક્ષી શિક્ષણ મેળવે તે હેતુસર વર્ષ ૨૦૦૧થી શાળામાં બાળમેળો અને લાઈફસ્કીલ મેળાનું આયોજન કરવામાં આવે છે. બાળમેળાના અને લાઈફસ્કીલ મેળાનાં આયોજન માટે જીસીઈઆરટી દ્વારા શાળાદીઠ બાળકોની સંખ્યાના આધારે રૂ. ૮૦૦ થી ૨૦૦૦ સુધીની ગ્રાન્ટ આપવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા સંચાલિત ધો. ૧ થી ૮ની ૩૦ હજારથી વધુ શાળાઓમાં બાળમેળાઓનું આયોજન કરવામાં આવે છે. બાળકમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવવામાં તેમજ તેમની સર્જનાત્મક શક્તિઓને વિકસાવવા માટે બાળમેળો ખુબ જ ઉપયોગી બની રહે છે. ગુજરાતની સરકારી પ્રાથમિક શાળાઓ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓ, મહાનગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓ, આશ્રમશાળા, કે.જી.બી.વી., મોડેલ સ્કૂલોમાં આ બાળમેળો અને જીવન કૌશલ્ય આધારીત મેળાની પ્રવૃત્તિઓ યોજાય છે. બાળમેળા અને જીવન કૌશલ્ય આધારિત બાળમેળાની પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓ બાળવાર્તા, માટીકામ, રંગપૂરણી, હસ્તકલાની કામગીરી, ચીટકકામ, કાગળકામ, ગળીકામ, બાળવાર્તા આધારિત નાટક, વિવિધ જીવન કૌશલ્ય વિકાસની વિવિધ પ્રવૃત્તિઓ અને રમતોના માધ્યમથી વિદ્યાર્થીઓમાં રહેલી શક્તિઓને ઉજાગર કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

ગુજરાતમાં અત્યાર સુધીમાં સૌથી વધુ વરસાદ નોંધાયો

હિંમતનગર નજીક રેલવે અંડરબ્રિજના પાણીમાં બસ ડૂબી

હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસ ગુજરાતના વિવિધ ભાગોમાં હળવાથી ભારે વરસાદની આગાહી વ્યક્ત કરવામાંઆવી છે. જેમાં આગામીબે દિવસ ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં વરસાદની સંભાવનાવ્યક્ત કરવામાં આવી છે. તો બીજી તરફ જાણિતા આગાહીકાર અંબાલાલ પટેલે પણ ઉત્તર અને મધ્ય ગુજરાતમાં ભારે વરસાદ આગાહીકરી છે. ફરી એકવાર મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં વરસાદીમાહોલ સર્જાયો છે. ગત ચોવીસ કલાકમાંકલાકમાં ૧૧૬ તાલુકામાં વરસાદ નોંધાયો છે. ત્યારે મેઘરાજાએ સાબરકાંઠા પંથકમાં કૃપા વરસાવી છે. હિંમતનગર, ઈડર, અવરલ્લી સહિતના વિસ્તારોમાં વહેલી સવારથી જ વરસાદ વરસી રહ્યો છે. વરસાદના હિંમતનગરના હમીરગઢ ગામ નજીક આવેલ અંડરબ્રિજ સહિત ઠેર-ઠેર પાણી ભરાય છે. ત્યારે હિંમતનગરથી વીરાવડા - હમીરગઢ બસ હમીરગઢ અંડર બ્રિજમાંથી પસાર થતી સેન્સર બંધ પડીજતાં પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી. જેનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે. દરવર્ષે ચોમાસાનીસિઝનમાંવરસાદના તેમજ ખેતરોના પાણી અંડરબ્રિજ પાણી ભરાયજાય છે. માહિતીમુજબ વિસનગર અને વડનગરમાં ૧-૧ ઈંચ અને જોટાણા, કડી, બહુચરાજીમાં અડધો-અડધો ઈંચ જેટલો વરસાદ ખાબક્યો છે, જ્યારે મહેસાણામાં દોઢ ઈંચ જેટલો વરસાદ ખાબકતાંરોડ પરપાણી વળ્યાછે. વરસાદના લીધે મહેસાણા પર ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. રાજ્યમાં છેલ્લા કેટલાય દિવસથી દક્ષિણ અને સૌરાષ્ટ્રના અનેક વિસ્તારમાં ધોધમાર વરસાદ ખાબક્યો છે. ૩૦મી અને૩૧મી જુલાઈ દરમિયાન માત્ર દક્ષિણ ગુજરાતના વિસ્તારમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદનીઆગાહી હવામાન વિભાગેકરી છે.જેમાં નવસારીઅને વલસાડ જિલ્લામાંયલોએલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં સૌથી વધુ વરસાદ નોંધાયોછે. ભારેવરસાદને કારણે ઘણી નદીઓમાંઘોડાપૂર આવ્યોછે. અનેક જિલ્લામાંપૂર જેવીસ્થિતિછે. હજારો લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. લગભગ એક લાખ લોકો તેનાથી પ્રભાવિત થયા છે. ઉપરાંત મધ્ય પ્રદેશમાં પણ ભારે વરસાદને કારણે અનેક જળાશયોના જળસ્તરમાં વધારો થયો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન મધ્યપ્રદેશ અને ઓડિશામાં મધ્યમથી ભારે વરસાદ થયો છે. મધ્ય મહારાષ્ટ્ર, દક્ષિણ રાજસ્થાન, ઉત્તર-પશ્ચિમ ઉત્તર પ્રદેશ, હિમાચલ પ્રદેશ, ઝારખંડના ભાગો અને ગંગાના પશ્ચિમ બંગાળમાં કેટલાક સ્થળોએ ભારે ધોધ સાથે વરસાદ થયો હતો.

પ્રવાસન મંત્રી મૂળુભાઈ બેરાના હસ્તે 'સરસ' મેળાને ખૂલ્લો મૂકાયો

તા.૧૧મી ઓગસ્ટ સુધી આયોજિત 'સરસ' મેળામાં રાજ્યના ૧૪ જિલ્લાના ૫૦ સ્વ-સહાય જુથની બહેનો દ્વારા કલાત્મક ચીજવસ્તુઓનું વેચાણ કરાશે

કમલમ્ ન્યુઝ,
ગુજરાતના એકમાત્ર હિલ સ્ટેશન એવા સાપુતારા ખાતે પ્રવાસનની સાથે સાથે, સ્થાનિક રોજગારીને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી સાપુતારા 'મેઘ મલ્હાર પર્વ૨૦૨૪'નોઉદ્દઘાટન સમારંભ યોજાયો હતો. મેઘ મલ્હાર પર્વના ભાગરૂપે તોરણ હિલની સામે આયોજિત 'સરસ'મેળાનેપ્રવાસન મંત્રીશ્રી મૂળુભાઈ બેરાએ ખૂલ્લો મૂક્યો હતો. તેમણે અહીં વિવિધ સ્ટોલ્સની મુલાકાતલઈ સ્વસહાય જૂથોની બહેનોને પ્રોત્સાહિત કરી હતી. ગુજરાત રાજ્યમાં 'સરસ' મેળાની શરુઆત મેઘ મલ્હાર પર્વનાભાગરૂપે કરાઇછે. આ મેળા દરમિયાન આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર, ગ્રામ વિકાસ વિભાગ-વ-ડાંગ જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિ, વિધાનસભાના નાયબ દંડક-વ-ડાંગનાં ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન ગાઈન, કમિશનર ઓફ ટુરિઝમ અને મેનેજીંગ ડિરેકટર સુશ્રી એસ. છાકછુઆકે પણ વિશેષ ઉપસ્થિતિ નોંધાવી હતી. ગ્રામીણ વિકાસ મંત્રાલય, ભારત સરકાર અને ગ્રામ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર નાસંયુકત ઉપક્રમેરાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન અંતર્ગત દેશના વિવિધ રાજ્યો તથા ગુજરાત રાજ્યના ગ્રામીણમહિલા સ્વસહાય જૂથો દ્વારા ઉત્પાદિત કરવામાં આવતી કલાત્મક વિવિધ વસ્તુઓના વેચાણદ્વારા સ્વસહાય જૂથો (સખી મંડળો) ને બજાર વ્યવસ્થા પૂરી પાડી તેમને સ્વનિર્ભર અને સશક્તિકરણ કરવાના શુભ આશયથી પ્રદર્શન-સહ વેચાણ થાય તે હેતુથી આયોજિત આ 'સરસ મેળો' તા.૧૧મી ઓગસ્ટ સુધી ખૂલ્લોરહેશે. વિવિધપ્રકારના પ્રદર્શન કેન્દ્રોની સાથેરાજ્યના ૧૪ જિલ્લાના ૫૦ સ્વ-સહાય જુથની બહેનોદ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓ, કલાત્મકકારીગરીયુક્ત વસ્તુઓનું વેચાણ કરાઈ રહ્યું છે. સરસ મેળામાં મુખ્યત્વે સ્થાનિક સ્વસહાય જૂથો દ્વારા દેશી મટિરિયલનો ઉપયોગ કરીને તૈયાર કરવામાં આવેલી ચીજવસ્તુઓઉપલબ્ધ છે. ગ્રામ્ય વિસ્તારના કલાકારોની કલાત્મક ચીજો રોજગાર સુજનમાં મહત્વની ભૂમિકાભજવીરહી છે. રાજ્ય અને કેન્દ્ર સરકાર વિવિધ મેળાઓમાં જરૂરી સુવિધાઓ, સહાય ઉપલબ્ધ કરાવી સ્થાનિક કારીગરોને પ્રોત્સાહન આપેછે. જ્યાં રાજ્યના વિવિધ ૧૪ જિલ્લાના ૫૦ સ્વ-સહાય જૂથોની બહેનો દ્વારા પોતાની હસ્તકળાની વિસ્તુઓ જોવામળે છે.

વલસાડને હરિયાળુ બનાવવા માટેરાજ્યના નાણાં મંત્રીશ્રી કનુભાઈ દેસાઈની અધ્યક્ષતામાં ગ્રીન પ્રોજેક્ટનો શુભારંભ

વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારતમાં કાર્બન ઉત્સર્જનમાં ૫૦ ટકા ઘટાડો કરવાનો લક્ષ્યાંક છેઃ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ

વૃક્ષોના નિકંદનથી થતી ભયાવહ અસરો ''હું વલસાડ છું'' ભવ્ય નાટિકા દ્વારા રજૂ કરાતા સૌ દંગ રહી ગયા

સૌ એ દીપ પ્રગટાવી વૃક્ષ ઉછેરના સંકલ્પ લીધા, વૃક્ષના ઉછેર માટે યોગદાન આપનાર દાતાઓનું સન્માન કરાયું

કમલમ્ન્યુઝ, વલસાડ
ચાલુ વર્ષે ઉનાળામાં પડેલી અસહ્ય ગરમીસામે વધુમાંવધુવૃક્ષો રોપી તેનો ઉછેર કરવામાંઆવે એવા શુભ આશય સાથે વલસાડના ઉમિયાસોશિયલ ટ્રસ્ટ દ્વારા ''ગ્રીન વલસાડ'' પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે, જે અંતર્ગત ૪૦૦૦ વૃક્ષો રોપવામાં આવશે અને તેનો ઉછેરપણ કરવામાંઆવશે, સમગ્ર વલસાડ માટે ઉપયોગી એવા આ પ્રોજેક્ટ અંતર્ગત રાજ્યના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમીકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈની અધ્યક્ષતામાં ''હું વલસાડ છુ'' ભવ્ય નાટિકા નવરંગ ગ્રુપ દ્વારા રજૂ કરવામાં આવીહતી. જે નાટિકાએ ઉપસ્થિત તમામ લોકોને વૃક્ષના મહત્વ અંગે વિચારતા કરી દીધા હતા. આ પ્રંસગે રાજ્યના કેબિનેટ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, નરેન્દ્રભાઈ મોદીમુખ્યમંત્રી બન્યા બાદ સોલાર પોલિસી દાખલ કરી હતી. સોલારએ ઉર્જા ઉત્પન્નકરવાનું મુખ્ય સાધન છે. આ સિવાય ક્લાઈમેટ ચેન્જને કંટ્રોલકરવામાટે એક અલગવિભાગઉભોકર્યો છે. વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારતમાં કાર્બન ઉત્સર્જનમાં ૫૦ટકા ઘટાડો કરવાનો છે. સોલાર અને પવન ઉર્જામાં ગુજરાત ૨૨૦૦૦ મેગા વોટ સાથે દેશમાં પ્રથમ નંબરે છે. વૃક્ષોને કારણે જ આપણા જિલ્લામાં વધુ વરસાદ પડે છે. ઔદ્યોગિક એકમોમાં ખાસ કરીને વાપી જીઆઇડીસીમાં સૌથી વધુ વૃક્ષારોપણ થયું છે. ઉમિયા સોશિયલ ટ્રસ્ટ ૪૦૦૦ વૃક્ષ રોપી રહ્યું છે તેમાં દર વર્ષે વધારો થતો રહેશે એવીઆશા રાખુછું. ભારત સરકારના ખાદી કમિશનના ડિરેક્ટરશ્રી લલિતભાઈ ગુગલિયાએ જણાવ્યું કે, ઉમિયા સોશિયલ ટ્રસ્ટ એ સેવાનું મંદિર છે તેમની સેવાબિરદાવવા લાયક છે. કોરોનાકાળમાં સિવિલ હોસ્પિટલમાં ૨૩૭ મૃતદેહ ઉઠાવવા કોઈ તૈયાર ન હતું. તે સમયે ઉમિયા સોશિયલ ટ્રસ્ટે કામગીરી ઉપાડીમાનવતાની મહેક પ્રસરાવી હતી. દુનિયાના અનેક દેશોની સફર કરી ત્યારે જ્યાં પણ ગયો ત્યાં ખાદીને આવકાર મળ્યો છે. હાલ ૧૧૨ દેશોમાં ખાદી ઇન્ડિયાનો લોગોરજીસ્ટર કરવાની પ્રોસેસ ચાલુ છે. ૫૬ દેશોમાં ખાદીનો લોગો રજીસ્ટર થઈ ચૂક્યો છે.વડાપ્રધાનશ્રીએ ''મનકી બાત'' માં જણાવ્યું કે, દેશમાં ખાદીએ રૂ. ૧ લાખ ૫૨ હજાર કરોડનું ટર્ન ઓવર કર્યુ છે જે આવનારા પાંચ વર્ષમાં ૨ લાખ ૨૫ હજાર કરોડ ટર્ન ઓવર કરીગ્રામીણ અર્થતંત્રને મજબૂત કરશે. વલસાડના નવરંગ ગ્રુપના ડિરેક્ટર શ્રી શૈલેષભાઈ જૈને જણાવ્યું કે, ગ્રીન વલસાડનું સપનું ઉમિયા સોશિયલ ટ્રસ્ટના અશોકભાઈએજોયુંછે,આ પ્રોજેક્ટ આપણા બધાના ઉજ્જવળ ભવિષ્ય માટે છે. આપણે બધાસંકલ્પ લઈશુ તો ભાવિ પેઢી માટે આ ક્રાંતિ રંગ લાવશે. રાજસ્થાનમાં પાણીની તંગીની જે સ્થિતિ છે તેવી હાલત આપણા વલસાડમાં નથાય તે માટે અત્યારથી જ જાગૃત થવું પડશે. તિથલ સ્વામીનારાયણ મંદિરના કોઠારી સ્વામી વિવેકસ્વરૂપદાસજીએ આશીર્વચન આપતા જણાવ્યું કે, વૃક્ષવાવવા એ શુભકાર્ય છેપણ એનુંસંરક્ષણ કરવું નક્કર કાર્ય છે. જે આપણી ભાવિ પેઢીને ઉપયોગીથશે. બીજાના માટે જીવવું એ સાચું જીવન છે. એ જ મનુષ્ય જીવનની સાર્થકતા છે. સમગ્ર ગુજરાતમાં વધારેમાં વધારે વૃક્ષોની કામગીરી થતી હોય તો આપણાવલસાડ જિલ્લામાંથાય છે. વૃક્ષોનો ફેમીલી મેમ્બર તરીકે ઉછેર કરવા અપીલકરીહતી. ''હુંવલસાડ છું'' નાટિકા દ્વારા વૃક્ષોના નિંકંદનથી શું ખરાબ હાલત થાય તે અંગે હવા, પાણી, ગૌમાતા, કલરવ કરતા પક્ષીઓ, ખેડૂતો અને વૃક્ષોની દારુણ સ્થિતિ વિવિધ પાત્રો દ્વારા નાટ્યાત્મક રૂપે રજૂ કરાઈ હતી. જેને ઉપસ્થિત સૌ એ વધાવી લઈ સૌ એ દિપ પ્રગટાવી વૃક્ષ ઉછેરના સંકલ્પ લીધા હતા. સિકલસેલમાં સંશોધન અને બ્લડ બેંકના પ્રણેતાડૉ.યઝદી ઇટાલિયાનું પદ્મશ્રી એવોર્ડ બદલ સન્માન કરવામાં આવ્યું હતું. ૩ વર્ષ સુધી ૧૪૦૦ વૃક્ષના ઉછેરની જવાબદારી લેનાર દિપેશભાઈ ભાનુશાલી અને કિશોરભાઈ ભાનુશાલી તેમજ ૧૦૦૦ વૃક્ષોની જવાબદારી લેનાર વિશ્વાસભાઈ શેઠ સહિત ૧૦૦ વૃક્ષથી લઈને ૧૧ વૃક્ષોના ઉછેરનીજવાબદારી લેનાર દાતાઓનું સન્માન કરાયું હતું. સ્વાગત પ્રવચન અને પ્રોજેક્ટની રૂપરેખા ઉમિયા સોશિયલ ટ્રસ્ટના કેપ્ટનશ્રી અશોકભાઈ પટેલે આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રિતેશભાઈ ભરૂચાએ કર્યું હતું. જ્યારે આભારવિધિ મોનાબેન દેસાઈએ કરી હતી.

કમલમ્ ન્યુઝ,
સંતરામપુર તાલુકાના ગોઠીબ મુકામે ૧૯૭૭ ની સાલમાં CRPF તરીકે પોસ્ટિંગ તેમજ મિઝોરમ રાજ્યના ત્રિપુરાગામ ખાતેફરજ બજાવતાશહીદ વીરશ્રી વરસિંગભાઈહીરાભાઇ તાવિયાડજેઓને અચાનક દુશ્મનોદ્વારા હુમલોથતાં બોમબ્લાસ્ટમાં શહીદથતા તેઓનીયાદમાં પોતાનાવતન ખાતેપ્રતિમાના અનાવરણ પ્રસંગે ગુજરાતસરકારના કેબિનેટ મંત્રીશ્રી ડો. કુબેરભાઈ ડીંડોર ઉપસ્થિતરહી શ્રધ્ધાસુમન અર્પણ કર્યા. આ કાર્યક્રમમાં પાર્ટીના વડીલ શ્રી શાંતિલાલ પટેલ, ગામના સરપંચશ્રી સોનુભાઈ તાવિયાડ, માજી સરપંચશ્રી નારણભાઈ રાવળભાઈ, ગાંધીનગરથી CRPF નાઈન્સ્પેકટર શ્રી લાલચંદ્ર જયસ્વાલ,સહાયક ગિરીશકુમાર, શ્રી હવાલદાર આમીરભાઈ, સિપાહી શ્રી અશ્વિની નંદલાલતેમજ ટીમના જવાનો તથા ગોઠીબ ગામ પંચાયત સભ્યશ્રી, અને ગામના ગામના ગામજનો તથા શહીદ થયેલ જવાન ના પરિવારજનો ઉપસ્થિત રહ્યાં હતા.

'એક પેડમાં કે નામ' અંતર્ગત રાણીઆંબા ખાતે ૭ હજાર લોકોએ સ્વયંભૂ વૃક્ષોનું વાવેતર કર્યું

કમલમ્ ન્યુઝ,
પ્રકૃતિ સંવર્ધન સમિતિ,સામાજીક વનીકરણ,સુરત અને વિસ્તરણ રેંજ સોનગઢના સંયુક્ત ઉપક્રમે 'એક પેડ માંકે નામ' હેઠળ તાપીવાસીઓએ હજારો વૃક્ષોનું વાવેતરકરી વડાપ્રધાનશ્રીના સંકલ્પનેસાકાર કરીદેશના લોકોને ઐતિહાસિક સંદેશો આપ્યો ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના રાણીઆંબા ગામે આજરોજ ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષસંઘવી,વન અને પર્યાવરણ રાજ્યમંત્રીશ્રી અને પ્રભારી મંત્રીશ્રી મુકેશભાઈ પટેલ,જિલ્લા પંચાયત પ્રમુખશ્રી જાલમસિંહ વસાવા, સાંસદશ્રી પ્રભુભાઈ વસાવા,ધારાસભ્યશ્રીઓ ડા. જયરામભાઈ ગામીત,મોહનભાઈ કોંકણી ની ઉપસ્થિતિમાં 'એક પેડ માં કે નામ' અંતર્ગતહજારો વૃક્ષનું વાવેતર કર્યું હતું. દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએદેશના તમામ નાગરિકોને કાશ્મીરથી કન્યાકુમારી સુધી 'એક પેડમાં કેનામ' અંતર્ગત વૃક્ષો વાવવા માટે હાકલ કરી છે. ત્યારે તમામ તાપીવાસીઓને રાજ્ય સરકાર વતી અભિનંદન આપતા ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતુંકે આજે સમગ્ર દેશને એક ઐતિહાસિક સંદેશો તાપી જિલ્લાના આદિવાસી ભાઈઓ-બહેનોએ આપ્યો છે. ગ્લોબલ વોર્મિંગ માં વૃક્ષો વધુ ઉછેરવા પડે એમ છે. ત્યારે અહીંના લોકોએ સાર્થક કર્યું છે.આપણી માતાની યાદમાં એકવૃક્ષવાવીને તેનું જતન કરવુજોઈએ. વન અને પર્યાવરણ રાજ્યમંત્રીશ્રી મુકેશભાઈ પટેલે કહયું હતું કે આજનો પ્રસંગ ઐતિહાસિક છે. પ્રધાનમંત્રીશ્રીનું સ્વપ્ન છે કે ૧૪૦ કરોડ વૃક્ષોનુ વાવેતર થાય. આજે ૭હજાર વૃક્ષોનું વાવેતર થઈ રહ્યું છે. જે આપણા સૌના માટે યાદગાર ક્ષણ બની રહેશે. પ્રકૃતિ સંવર્ધન સમિતિ,સામાજીક વનીકરણ,સુરત અને વિસ્તરણ રેંજ સોનગઢના સંયુક્ત ઉપક્રમે 'એક પેડ માંકે નામ' હેઠળ આદિવાસી ભાઈઓ-બહેનોએ વરસતા વરસાદમાં પ્રકૃતિના ખોળે રહીને ડુંગરો ઉપર હજારોવૃક્ષોનું વાવેતર કરીને તાપીને માની મમતાનું સાચુ સરનામુની ઓળખ અપાવી હતી. આ પ્રસંગે નાયબ વન સંરક્ષકશ્રી આનંદકુમાર, પોલીસ અધિક્ષકશ્રી રાહુલ પટેલ, મયંકભાઈ જોશી, વિક્રમભાઈ તરસાડિયા, પ્રકૃતિ સંવર્ધન સમિતિ પ્રમુખ જયરામભાઈ પાંચીયાભાઈ ગામીત,વન વિભાગ સહિત વન મંડળીઓ, સરપંચો અને નાગરિકોએ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

સાપુતારાના મેઘ મલ્હાર પર્વમાં રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમોની રમઝટ

કમલમ્ ન્યુઝ,
ગિરિમથક સાપુતારાના મેઘ મલ્હાર પર્વમાં ડાંગની વિવિધ ભાતીગળ સંસ્કૃતિ દર્શાવતા નૃત્યો સાથે, ગુજરાતના નૃત્ય વૈભવની ઝાંખી જોવા મળી હતી. જેમાં સુરતની મહિલા વૃંદ દ્વારા ભાતીગળ પ્રાચીન ગરબો, પોરબંદરના યુવાનોનો તલવાર અને ઢાલ સાથેનો મહેર રાસ અને મહેર યુવતીઓનો પ્રાચીન ગરબો, જાંબુર ગીરના સિદી કલાકારોનું સિદી ધમાલ નૃત્ય, ડાંગના આદિવાસી યુવકયુવતીઓનું ડાંગી નૃત્ય તેમજ વસાવા હોળી નૃત્યની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. તમામ કૃતિઓએ ઉપસ્થિત દર્શકોને મંત્રમુગ્ધ કર્યા હતા. ખાસ કરીને ડાંગીનૃત્ય સૌનાઆકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028